# બાળકોના રંગાળા



ભાગ-૬

લેખક
પ્રા. કુલીન ગ. ઉપાધ્યાય



પ. પ. વાસુદેવાનંદ સરસ્વતી સ્વામી મહારાજ

જ્ઞાને શિવઃ સ્વયં યોગી ગામ્ભીર્યે યાદસાં પતિઃ ।
પર્જન્યશ્ચ દયાયાં યો વાસુદેવ નમોઽસ્તુ તે ॥

# બાળકોના રંગદાદા

## ભાગ-૬


**પ્રકાશક : શ્રીપ્રેમજયંતી સમિતિ,** અમદાવાદ.
મોઃ ૯૮૨૪૫૦૪૨૦૬

**ગ્રાફિક્સ : શ્રી અપર્ણા રાજેન્દ્ર ઉપાધ્યાય**
**"રાહ-રંગપ્રેમની"**
મોઃ ૯૬૮૭૬૬૧૧૧૪

**મુદ્રક : અજય ઑફસેટ**
બારડોલપુરા, અમદાવાદ.

**આવૃત્તિ : છઠ્ઠી**
**ગુરુપૂર્ણિમા**
**અષાઢ સુદ ૧૫, સં. ૨૦૭૯**
**તા. ૩-૭-૨૦૨૩**

**પ્રત : ૨૫૦**

**મૂલ્ય : રૂા. ૩૫/-**

# આશીર્વચન

દરેક ભાષામાં બાળસાહિત્યનું મહત્ત્વ સ્વીકારાયું છે. પહેલાના સમયમાં દાદા-દાદીના ખોળામાં માથું મૂકીને સૂતેલા બાળકને દાદા-દાદી દ્વારા વાર્તા સાંભળવાની મળતી. હું પાંચ વર્ષની ઉંમરનો હતો ત્યારે મારા માતુશ્રીના ખોળામાં સૂતા સૂતા તેમના મુખેથી ભક્ત ધ્રુવની વાર્તા સાંભળતો. એના ફળ સ્વરૂપે 'બાળકોના રંગદાદા'નું બાળ સાહિત્ય પ્રાપ્ત થયું છે એવું મને લાગે છે. હવે આવા ભાગ્યશાળી પરિવારોની સંખ્યા ઓછી જોવા મળે છે. નાની ઉંમરના બાળકોને પૂ. બાપજીની વાતો કહીને એમનામાં પૂ.શ્રીની ભક્તિના અમી ઘૂંટડા પાવાનું કામ પરિવારમાં સભાનપણે થવું જોઈએ. પૂ.શ્રીની ભક્તિનો વિસ્તાર વધે અને એ ભક્તિનો વારસો પરિવારમાં જળવાઈ રહે એ આશયથી 'બાળકોના રંગદાદા' પુસ્તક શ્રેણીનું આયોજન થયું છે. એ શ્રેણીમાં દસ પુસ્તકો તો પ્રકાશિત થઈ પણ ગયા છે.

બાળકોને વાંચવાનું ગમે અને છતાં જાણતાં-અજાણતાં એના મનમાં સંસ્કારો દૃઢ થતા જાય એ રીતે તૈયાર થતું લખાણ પ્રશંસનીય છે, અનુકરણીય છે.

'બાળકોના રંગદાદા' ભાગ-૬ને હું આવકારું છું અને પ.પૂ. સદ્ગુરુ શ્રી રંગ અવધૂત મહારાજને પ્રાર્થના કરું છું કે આવું બાળ સાહિત્ય શ્રી કુલીનભાઈ વધુ ને વધુ પરિવારના બાળકોને પીરસતા રહે.

આપણે બાળકોને સાચવીશું તો બાળકો આપણને સાચવશે. બાળપણ એ ભગવાનની ભેટ છે. આ કીમતી ભેટનું આપણે જતન કરીએ અને આવા વધુ પુસ્તકોનું નિર્માણ કરીએ.

લિ.

ૐ

પ્રેમ

અમદાવાદ,

તા.૧૭-૫-૨૦૦૭

# આવકાર

બાળકોનાં હૃદય મુલાયમ આલવાલ જેવાં છે તેમાં આપણે કાંટાવાળી ઝાડી રોપીએ કે પછી રોપીએ સુગંધવાળા ફૂલછોડ. બાળકોના મુલાયમ આલવાલમાં આપણે ફૂલછોડ રોપીને તમના જીવનબાગને મઘમઘતો કરી મૂકીએ. આ કાર્ય બાળસાહિત્ય સુપેરે કરી શકે એવી મુ. કુલીનભાઈને બરાબર પ્રતીતિ થઇ ગઇ છે. એટલે તો તેમણે પૂ. પ્રેમ અવધૂતજીના ઈશારાને પામી જઇને 'બાળકોના રંગદાદાં' નામની વિશિષ્ટ અને બાલભોગ્ય શ્રેણીના પ્રણયન દ્વારા પૂ.શ્રીના જીવનમાંથી જ પ્રેરક પ્રસંગો વીણી તેની માળાઓ ગૂંથવા માંડી છે.

પૂ. પ્રેમ અવધૂતજી રંગપરિવારનો પ્રભાવ દેશપરદેશમાં જમાવવા માંડ્યા છે તેવે ટાણે 'શ્રીગુરુલીલામૃત'ના પ્રેરક પ્રસંગો વિભિન્ન ભાષાઓમાં ઉપલબ્ધ થતાં તેવા વાચકોને પ્રેરણાના પીયૂષ પાશે એટલું જ નહીં તેઓ અવધૂત પરિવાર તરફ વળવા પ્રેરાશે એવી શ્રદ્ધા સાથે મુ. કુલીનભાઈના આ ગુજરાતી પ્રચાસને પાયાનો માની હું આવકારું છું અને 'બાળકોના રંગદાદા' શ્રેણીના વાચકો ઉપર પૂ. ગુરુમહારાજના આશીર્વાદ ઉતરતા રહો એવી કામના સાથે વિરમું છું.

અમદાવાદ-૧૩ — લિ.

તા. ૧૮-૧૨-૨૦૦૬ — **ડૉ. મફતલાલ અં. ભાવસાર**

# લેખકનું નિવેદન

જ્યારે બાળકોનું મન કોરી સ્લેટ જેવું હોય ત્યારે જ આપણે એના ઉપર સંસ્કારી વાતોનું રેખાંકન કરી દઈએ તો સારું. 'કુમળા છોડને વાળીએ તેમ વળે' એ ન્યાયે નાના બાળકોને પૂ.શ્રી વિશેની વાતો જાણવા મળે તો સારું એવા વિચારમાંથી આ પુસ્તિકાનું પ્રકાશન થઇ રહ્યું છે.

મારા પુત્ર હર્ષલની નિર્જરીને આ સંસ્કારોથી મઢવાની વૃત્તિથી વાતો કરતાં કરતાં આવી પુસ્તિકાની શ્રેણી રચવાની ઈચ્છા જાગી. એમાં 'બાળકોના મોટા' એવી પુસ્તિકા હાથમાં આવી. શ્રી મુકુલ કલાર્થીની આ પુસ્તિકાની વાત શ્રી સુભાષભાઈ દવેને કરી તો એમણે મને પ્રોત્સાહિત કર્યો કે રંગ પરિવારના મુકુલભાઇ તમે બનો. એમનો વિશ્વાસ ગુરુ મહારાજની કૃપાથી સાચો ઠર્યો છે એટલે એ વિશ્વાસ જગાવનારના ઋણ સ્વીકારરૂપે એમનું સ્મરણ કરું અને આભાર માનું એ ઉચિત જ છે.

આવકાર લખી આપવા બદલ શ્રી મફતભાઈ ભાવસારનો હું ઋણી છું. પ્રૂફ તપાસવા માટે તેમજ જોડણી શુદ્ધિ માટે મુ.શ્રી ત્રિકમજી જોષીસાહેબનો, શ્રી મફતભાઈ ભાવસારનો અને મારા ધર્મપત્ની સૌ. અંજનીનો હું આભારી છું.

પૂ. પ્રેમ અવધૂતજીનો આભાર માની હું અંગતપણાનો ભાવ ક્ષીણ થવા નહિ દઉં. એ પ્રેરકબળ પણ છે અને ચાલક બળ પણ છે. પ.પૂ.શ્રી રંગ અવધૂત મહારાજના ચરણોમાં અનેકાનેક વંદન અને પૂ. પ્રેમ અવધૂતજીને સાદર વંદન હો!

અમદાવાદ — લિ.

તા. ૨૦-૧૨-૨૦૦૬ — કુલીન ઉપાધ્યાય

(૦૭૯- ૨૭૪૮૦૦૮૮)

# બાળકોના રંગદાદા

## (૧)

## ❁ નર્મદે! શર્મદે! શર્વ દે! સર્વ દે! ❁

ગંગા સ્નાને, યમુના પાને અને રેવા દર્શનમાત્રે વ્યક્તિને પાવન કરે છે.

ભારતની પવિત્ર અને વિશાળ નદી તરીકે મા-નર્મદાનું સ્થાન મોખરે છે.

નર્મદા એવી નદી છે કે એની બંને કિનારાની પરિક્રમા પાવનકારી ગણાય છે.

મા નર્મદાનો હર એક કંકર શંકર ગણાય છે.

મા નર્મદા શિવસ્વરૂપ છે.

એ શિવના પરસેવામાંથી જન્મી છે તેથી એને હરસંભૂતા કહેવામાં આવે છે.

એક વાર મૃત્યુંજય મહાદેવ ઉગ્ર તપસ્યા કરવા બેઠા.

એ સમયે એમના પરસેવામાંથી મા નર્મદા પ્રગટી.

મા નર્મદા શર્મદા છે- કલ્યાણ કરનારી અને મોક્ષ આપનારી છે.

પૂજ્યશ્રી શ્રીગુરુલીલામૃતમાં લખે છે:

ઉભયતટ પાવન અહા! રેવા શિવસ્વરૂપ;
દર્શનમાત્રે જે હરે પાતક, ધન્ય અનુપ.

(અ.પ. દો.૩૭.)

મા નર્મદા મેકલ નામના શિખરમાંથી નીકળે છે તેથી એને મેકલકન્યા કહેવામાં આવે છે.

એને મેકલજાતા પણ કહેવામાં આવે છે.

નદી એ પર્વતની પુત્રી ગણાય.

એ અંતે સમુદ્રમાં મળે છે માટે સાગર એના પતિદેવ ગણાય.

મા નર્મદા ખંભાત પાસે પશ્ચિમસાગરમાં મળી જાય છે માટે તેને પશ્ચિમસાગરભામિની કહેવામાં આવે છે.

રેવાનું- મા નર્મદાનું દર્શન, પાન અને સ્નાન બધું જ પાવનકારી છે, મોક્ષ દેનારું છે.

પૂજ્યશ્રી લખે છે :

રુદ્રદેહા નર્મદા શિવપદ તું દેનાર,
અમલ નીર તારું અહા સદા રટે ૐકાર.
સ્નાને તાર્યાં કંઈકને પાને જીવ અનેક,
દર્શનમાત્રે તું કરે પૂર્ણ મનોરથ ટેક.

આવી પવિત્ર નર્મદામૈયાની લગભગ ૩૨૦૦ કિલોમીટરની પરિક્રમા પૂજ્યશ્રીએ કરવાની હતી.
દત્તપુરાણના ૧૦૮ પારાયણનાં દિવ્ય અનુષ્ઠાનના ઉદ્યાપન નિમિત્તેની આવી આકરી પરિક્રમા કરનાર પૂજ્ય ગુરુમહારાજનાં ચરણોમાં વંદન હો.
સ્વેચ્છાએ કષ્ટ ઉઠાવવાનું નક્કી કર્યું હતું એટલે પરિક્રમા પણ એક પ્રકારની તપશ્ચર્યા બની હતી.
પગે ચાલીને પરિક્રમા કરવાની, જંગલી જાનવર અને ચોરોનું જોખમ તેમજ ખાવા-પીવાનું અનિયમિત અને વધારામાં તાવ તો ખરો જ.
આમ છતાં પરિક્રમા થઈ- કેવી રીતે થઈ તે હવે પછી.

●

# (૨)
## ❁ પરિક્રમા પ્રારંભ ❁

દેવના આદેશ પ્રમાણે પૂજ્યશ્રીએ દત્તપુરાણનાં ૧૦૮ પારાયણ કર્યાં.

હવે ઉદ્યાપનનું શું?

૧૦૮ દિવસમાં નર્મદાની પરિક્રમા કરવાનું નક્કી કર્યું. પરિક્રમા શરૂ કરે તે પહેલાં 'દક્ષિણમાં ગાંડો તારી રાહ જુએ છે. ત્યાં જા'નો આદેશ થતાં દૂધના નદીના તીરે વાંકડી ગામે આવ્યા.

પૂ.ગાંડા મહારાજે તૈયાર કરેલો ગ્રંથ જોયો અને મઠાર્યો. ગાંડા મહારાજની રજા માગી અને પરિક્રમા માટે નીકળ્યા.

વાંકડી મહારાષ્ટ્રમાં આવેલું ગામ.

નર્મદાની પરિક્રમા- મધ્યપ્રદેશમાં આવેલા મોરટક્કાથી કરવાની હતી.

રંગ અવધૂત બાપજીની આ પરિક્રમા બે વિભાગમાં થઈ છે.

આસો સુદ એકમના રોજ મોરટક્કાથી પરિક્રમા શરૂ કરી આસો વદ બારસ- વાઘ બારસના રોજ વેળુગામ- પહોંચ્યા.

વેળુગામ નારેશ્વરની સામે નર્મદાકિનારે આવ્યું છે.
વેળુગામમાં દિવાળી કરી નવા વર્ષે કારતક સુદ એકમના રોજ પરિક્રમા આગળ ચલાવી.
ચાલતાં ચાલતાં વિમલેશ્વર- સાગરસંગમ- પર આવ્યા.
સંગમ પાર કરવા નાવડી ન મળી.
પાંચ દિવસ ત્યાં રાહ જોતાં પડી રહ્યા.
મા નર્મદાની સ્તુતિ કરી તે છઠ્ઠે દિવસે નાવડી આવી.
સંગમ પાર કરી આઠ-દસ માઈલ ચાલ્યા.
બીજે દિવસે ૩૦ માઈલ ચાલી ભરૂચ આવ્યા.
બે રાત્રિ ભરૂચમાં ગાળી.
ભરૂચથી નીકળી સીધા જ  કયાંયે થોભ્યા વિના ૫૦ માઈલ ચાલી સીધા નારેશ્વર આવ્યા.
પરિક્રમાનો આ પહેલો તબક્કો.
કારતક સુદ ચૌદસના દિવસે પહેલો તબક્કો પૂરો થયો.
આમ આસો સુદ એકમથી કારતક સુદ ૧૪ સુધીના દિવસો પરિક્રમામાં ગયા.
વાંકડીથી નીકળી પૂ.બાપજી નાગનાથના દર્શને ગયા.
ત્યાંથી વાસીમ બાલાજી- ભુસાવળ- ખંડવા થઈને ભાદરવાની અમાસ તા.૨૬-૯-૧૯૨૭ના રોજ મોરટક્કા પહોંચ્યા.
લગભગ ૪૦ માઈલ (૬૦ કિ.મી.) ચાલ્યા.

આસો સુદ ૧ને તા. ૨૭-૯-૧૯૨૭ના રોજ પૂજ્યશ્રી મોરટક્કાથી પરિક્રમા શરૂ કરી.

લગભગ ૪૦ થી ૪૫ માઈલ (૬૦ થી ૭૦ કિ.મી.) ચાલ્યા પણ શરીરમાં તાવ હોવાથી એક સુથારની સેવા સ્વીકારી એના ઘરે ત્રણ-ચાર દિવસ આરામ કર્યો.

હવે શૂલપાણેશ્વરની વિકટ ઝાડીમાંથી પસાર થવાનું હતું. રસ્તો વિકટ અને ભય ભરેલો હતો.

જંગલી જાનવરમાં વાઘનો અને ચોરોમાં ભીલ લોકોનો ભય હતો.

પણ અવધૂતજી તો નિશ્ચિંત હતા.

●

## (૩)

## ❋ રંગદાદાના દર્શને વાઘદાદા ❋

અવધૂતજીએ પરિક્રમામાં પાત્રમાં ફક્ત એક લોટો રાખેલો.

સામાન લેવા માટે એક વેંતભર ફાલતું કપડું.

મળે તો દૂધ પીએ નહિતર મોટે ભાગે ગોળનું પાણી પીને ચલાવી લે.

કોઈ વાર મળે તો ચણાની દાળ કે ખજૂર ખાઈ લેતા. પણ એવું તો કોક વાર જ મળે.

એમનો પહેરવેશ પણ અવધૂતી.
કાળી કામળ, ભગવી ઝોળી, વિદૂષક પહેરે તેવી માથે લાંબી ટોપી અને હાથમાં લાંબો દંડ રાખ્યો હતો.
રસ્તો એકદમ વિકટ અને ખુલ્લા પગે પરિક્રમા કરવાની એટલે મુશ્કેલી તો પડે જ.
શૂળપાણેશ્વરની ઝાડીમાં ૫૦ માઈલ (૭૫ કિ.મી.) જેટલું ચાલ્યા.
જો ભગવાને રક્ષણ ના કર્યું હોત તો જળસમાધિ જ થઈ જાત.
પરિક્રમાના એક વિશ્રામસ્થાન હાપેશ્વર આવી પહોંચ્યા.
સદાવ્રતો હતાં પણ ખાવાનું મળતું ન હતું.
અનુકૂળતાએ બીજા ૩૦ માઈલ (૪૫ કિ.મી.) ચાલી નાંખ્યું.
વચ્ચે એક સ્થળે વાઘદાદા દર્શને આવી ગયા.
હવે શૂળપાણેશ્વર આવી પહોંચ્યા.
શૂળપાણેશ્વરની ઝાડી નિર્વિઘ્ને પસાર થઈ ગઈ.
પરિક્રમા કરનારા સાધુઓ પણ કેવા સ્વાર્થી હોય છે તે પણ અનુભવ્યું.
શૂળપાણેશ્વરની ઝાડીમાંથી એકલા પસાર થઈ રહ્યા હતા.
સાંજ પડી એટલે નદી કિનારે રાતવાસો કર્યો.

ત્રણ ગિરનારી સાધુઓનો મુકામ એક બાજુએ હતો જ. નર્મદા નદીને એક ઝરણું મળતું હતું તે સંગમ મનને આનંદ આપનાર હતો.
પૂજ્યશ્રીએ સાધુઓથી થોડે દૂર આસન રાખ્યું.
ગિરનારી સાધુઓએ બાપજીને સલાહ આપી કે સંગમ પાસે મુકામ રાખશો તો સારું રહેશે.
પૂજ્યશ્રીને એમના છળ-કપટનો ખ્યાલ ન આવ્યો.
સાધુઓ તો ધૂણી ધખાવી પડ્યા હતા.
પરિક્રમાનો થાક તો હતો પણ જંગલી જાનવરથી સાવધાન પણ રહેવાનું હતુંને!
રાત્રે બારથી બેની વચ્ચેનો સમય.
નીરવ શાંતિ.
પૂજ્યશ્રીને વાઘની ગંધ આવી.
પેલા સાધુઓને જગાડ્યા અને કહ્યું કે આજુબાજુમાં વાઘ છે.
હોશિયાર થઈ જાઓ.
સાધુઓએ ધૂણીમાં વધુ લાકડાં નાંખી ભડકો કર્યો.
ખૂબ પ્રકાશ થયો એટલે વાઘ જતો રહ્યો.
વાઘ જતો રહ્યાની ખાતરી થઈ એટલે પૂજ્યશ્રીએ સાધુઓને સૂઇ જવાનું કહ્યું.
સાધુઓ સૂઈ ગયા પણ પૂજ્યશ્રી તો ધ્યાન દશામાં જ બેઠા રહ્યા.

ચારેક વાગ્યા હશે ત્યાં પાછી વાઘની ગંધ આવી.
એટલે સાધુઓને જગાડ્યા.
સાધુઓ જાગ્યા અને લાકડાં નાખી ભડકો કર્યો.
વાઘ જતો રહ્યો એમ ખાતરી થતાં સાધુઓ સૂઈ ગયા.
ઉષ:કાળ થયો.
સાધુઓ દેવતાને આશરે ઠંડી ઉડાડતા બેઠા હતા.
પૂ.બાપજી ધ્યાનમગ્ન હતા.
ત્યાં સાધુઓએ જોયું તો અવધૂતજીની પાછળના ભાગેથી એક વાઘ દોડતો આવતો હતો.
સાધુઓ બાપજીને ચેતવે એ પહેલાં તો વાઘે છલાંગ મારી.
એની છલાંગથી થયેલો પવનનો સુસવાટો અવધૂતજીના શરીરને ઠંડક આપતો ગયો.
વાઘ થોડો આગળ પડી ઝાડીમાં અલોપ થઈ ગયો.
હવે અવધૂતજીને સાધુઓની સલાહ પાછળનાં છળ-કપટનો ખ્યાલ આવ્યો.
પણ જેને રામ રાખે તેને કોણ ચાખે?
શૂળપાણેશ્વરથી પૂજ્યશ્રી ચાલતા ચાલતા આસો વદ બારસ- વાઘ બારસ-ના રોજ વેળુગામ આવી પહોંચ્યા.

●

## (૪)
## ❁પરિક્રમાના પહેલા તબક્કાની સમાપ્તિ તરફ❁

પૂજ્યશ્રી વેળુગામ આવી પહોંચ્યા.
નારેશ્વરના સામે કિનારે આ ગામ આવેલું છે.
શૂળપાણેશ્વરથી એકલા જ ચાલી નીકળ્યા.
સાધુઓને તો સીધું-પાણી મળવા લાગ્યાં એટલે ત્યાં રહેવાનું નક્કી કરીને રહ્યા.
વેળુગામમાં દિવાળી પસાર કરી.
નવા વર્ષે- કારતક સુદ એકમે પાછી પરિક્રમા શરૂ થઈ.
વિમલેશ્વર પહોંચી ગયા.
નાવડીની મદદથી સંગમ પાર જવાનું હોય છે.
પરંતુ પાંચ પાંચ દિવસ સુધી નાવડી ન આવી.
બધા રાહ જોતા જ રહ્યા.
અંતે પૂજ્યશ્રીએ નર્મદાજીની સ્તુતિ કરી.
'વન્દે નર્મદામ્'ની આ સ્તુતિથી પ્રસન્ન થઈને મા નર્મદાએ છઠ્ઠે દિવસે નાવડી મોકલી.
નાવડીમાં બીજા પરિક્રમાવાસીઓની જોડે પૂજ્ય બાપજી પણ બેઠા.
નાવડી ચાલી સંગમનાં નીર હિલોળે ચઢ્યાં અને નાવડી તો બરાબરની ડોલવા લાગી.

નાવડી ડૂબી જશે એમ લાગવા માંડ્યું.
પરિક્રમાવાસીઓ ગભરાયા.
એમના જીવ તો તાળવે ચોંટી ગયા.
નાવડી ડૂબી જાય તો આપણું શું થશે?
બધાએ મા-નર્મદાની અને ભગવાનની આર્તસ્વરે પ્રાર્થના કરવા માંડી.
દરેકને જીવવાની ઇચ્છા હોય છે.
કોઈને મરવાનું ગમતું નથી અને આ તો સાગરમાં ડૂબીને મરવાનું તો કોને ગમે?
બધા ગભરાઈ ગયા પણ અવધૂતજી આંખ મીંચીને સ્વસ્થતાથી બેઠા હતા.
એ મનમાં માતાજીની પ્રાર્થના કરતા હતા.
પરંતુ તેઓ પ્રાર્થના મોતના ડરથી નો'તા કરતા.
બીજા પરિક્રમાવાસીઓએ કહ્યું: "તમે એક વાર તો રેવા મૈયાને પ્રાર્થના કરો."
પૂજ્યશ્રીએ કહ્યું: "અરે! કદાચ નાવડી ડૂબી જાય અને મા-રેવા એમના ખોળામાં આપણને લઈ લે તો એના જેવું રૂડું શું?
અહીં ડૂબી જઈએ તો શું ગુમાવવાનું છે અને પાર ઊતરીએ તો ત્યાં શું કમાવાનું છે?
નર્મદાની પરિક્રમાએ નીકળ્યા છો તો મા-રેવા પોતાની ગોદમાં લઈ લે તો તે તમને પસંદ નથી?"

પછી પૂજ્યશ્રીએ પ્રાર્થના કરી અને બધા સુખરૂપ કિનારે પહોંચ્યા.
નાવડીમાંથી ઊતરી પૂજ્યશ્રી બીજે દિવસે ભરૂચ પહોંચ્યા.
ભરૂચમાં એવો પ્રસંગ બન્યો કે જેમાં અવધૂતજીના પ્રતિષ્ઠા પ્રત્યેની નિ:સ્પૃહતાનાં દર્શન થતાં હતાં.

●

## (૫)
## ❁ ભરૂચમાં જગદ્‌ગુરુનું મિલન ❁

નર્મદાની પરિક્રમાના પહેલા તબકકાના ભાગરૂપે પૂજ્યશ્રી સાગરસંગમ પાર કરીને નાવડી દ્વારા હરિને ધામ ઊતર્યા.
હરિને ધામથી ચાલીને ભરૂચ આવ્યા.
ભરૂચમાં તો પરિચિત લોકો રહે.
એમને ખબર પડી એટલે વારાફરતી બધા દર્શને આવવા લાગ્યા.
આ અરસામાં ભરૂચમાં ૧૦૦૮ શ્રી ચંદ્રશેખરાશ્રમ શંકરાચાર્યનો મુકામ હતો.
તેઓ દ્વારિકાની શારદાપીઠના અધીશ્વર હતા.

આ એ જ મહાપુરુષ કે જેમણે વર્ષો પૂર્વે પાંડુરંગને વિનંતી કરેલી.
આ વિનંતી સરખેજમાં કરેલી.
એમણે પાંડુરંગને કહ્યું કે મને નારદ વિરચિત દત્તાત્રેય સ્તોત્ર તમારા હસ્તાક્ષરમાં લખી આપો.
પૂજ્યશ્રીએ (ત્યારના પાંડુરંગે) એનું કારણ પૂછ્યું તો એમણે કહ્યું કે મારે એનું અનુષ્ઠાન કરવું છે.
આવું અનુષ્ઠાન શું મેળવવા માટે કરવું છે?
તો ત્યારના એ સંન્યાસીએ એવું કહ્યું કે મને શ્રદ્ધા છે કે આ સ્તોત્ર આપના હસ્તાક્ષરમાં મળે અને આપના આશીર્વાદ હોય તો આ સ્તોત્રના અનુષ્ઠાન દ્વારા મને શંકરાચાર્યનું પદ મળે.
પૂજ્યશ્રીએ સ્તોત્ર લખી આપ્યું.
શુભેચ્છા પણ દર્શાવી.
સંન્યાસીએ અનુષ્ઠાન પણ કર્યું અને એમને દ્વારકાપીઠનું શંકરાચાર્યપદ પણ મળ્યું.
પ.પૂ. શંકરાચાર્યને પહેલેથી પાંડુરંગ વળામે પ્રત્યે ભારે માન હતું.
ભરૂચમાં અનાયાસે અવધૂતજીનો મેળાપ થતાં જ તેઓ એકાએક અનહદ આનંદમાં આવી ગયા.
'એહિ એહિ બ્રહ્મચારિન્' એવું બોલીને ખૂબ ભાવપૂર્વક પાસે બેસાડ્યા.

પૂજ્યશ્રીએ પોતાની નર્મદા પરિક્રમાની વાત કરી.
એક-બે દિવસમાં નારેશ્વર પહોંચી જવું છે એમ પણ જણાવ્યું.
પરંતુ જગદ્‌ગુરુ શંકરાચાર્યની તમન્ના તો જુદી જ હતી.
આવા તેજસ્વી, તપસ્વી અને વ્યુત્પન્ન મતિવાળા બ્રહ્મચારી ભાગ્યે જ મળે.
એમણે કહ્યું કે તમે મારી સાથે જ રહો.
આપની ઉપસ્થિતિથી શારદાપીઠની શોભા ખૂબ વધશે.
જુઓ! હું તમને હાલમાં પ્રભાસપાટણની ગાદીના ગાદીપતિ બનાવું અને પછી હું ન હોઉં ત્યારે દ્વારકાની ગાદી આપને મળે એવી સ્પષ્ટ ભલામણ પણ કરી દઉં.
મારી ભલામણને કારણે આપ જ દ્વારકાના પીઠાધીશ્વર બનશો.
દ્વારકાપીઠના અધીશ્વરનો હોદ્દો ખૂબ મોટો હોદ્દો કહેવાય.
કોઈ બીજી વ્યક્તિ હોત તો તો ખુશ ખુશ થઈ જાત.
પરંતુ આપણા અવધૂતજીને મન આ પદનું કોઈ આકર્ષણ જ ન હતું.
પીઠનો અર્થ મરાઠીમાં 'ચપટી લોટ' થાય છે.
એમણે સ્વામીજીને કહ્યું: "સ્વામીજી! ઇન્દ્ર-ચંદ્રાદિ લોકથી પણ અવધૂત લલચાય તેમ નથી.

તમને એમ લાગે છે કે આપની પીઠથી અવધૂત લલચાય એમ છે?
મેં તો જીવન-મુક્તિ સિવાયનો કોઈ બીજો સંકલ્પ સેવ્યો જ નથી.
મારા મનમાં આવી કોઈ મહત્ત્વાકાંક્ષા જ નથી.
મને ક્ષમા કરો.
હું દિલગીર છું કે આપની ઈચ્છા સંતોષી શકતો નથી."
જગદ્‌ગુરુ શંકરાચાર્ય આ વાતથી નારાજ થયા.
છૂટા પડતાં પૂછ્યું કે હવે દર્શનનો લાભ ક્યારે થશે?
પૂજ્યશ્રીએ કહ્યું: "અંત પહેલાં હજુ એક વાર મળીશું"
અને ખરેખર એવું બન્યું.
જગદ્‌ગુરુ બ્રહ્મલીન થયા તે પહેલાં સુરતમાં છેલ્લા-છેલ્લા મળેલા.
અવધૂતજીની ઉંમર ૩૦ વર્ષની હતી.
આ ઉંમરે આવા ઊંચા હોદ્દા પ્રત્યે પણ કેવી નિઃસ્પૃહતા?
વૈરાગ્યવૃત્તિ કેવી પ્રબળ હશે?
સાચા વિરાગીને જગતથી માંડીને સ્વર્ગપર્યંતની બધી વસ્તુ પ્રત્યે અનાસક્તિ અને ત્યજી દેવાની વૃત્તિ હોય છે.
આવા વિરાગીનાં યોગક્ષેમ પ્રભુ વહન કરે છે.

●

## (૬)

## ❁ નર્મદાપરિક્રમાનો બીજો તબક્કો ❁

પ.પૂ. જગદ્‌ગુરુ શંકરાચાર્યને મળીને અવધૂતજી એકીશ્વાસે ભરૂચથી નારેશ્વર આવી ગયા.
કારતક સુદ ૧૪ના રોજ કુટિરમાં પધાર્યા.
માગસર માસની પૂનમે ગ્રહણ હતું.
દત્તજયંતીનો દિવસ નારેશ્વરમાં ગાળી બીજે દિવસે તેમણે પરિક્રમા શરૂ કરી.
તેઓ નારેશ્વરથી ગરૂડેશ્વર ગયા.
ગરૂડેશ્વરમાં તેમનો પગ મચકોડાયો.
સ્વામી મહારાજના ધામમાં બે-ચાર દિવસ રહેવાની ઈચ્છા થઈ; પરંતુ ગુરુમહારાજે આદેશ કર્યો કે અહીં રોકાવાનું નથી, આગળ જાવ.
એમાંથી પોતાની ભાવનાને વાચા આપતું ભજન રચાયું:

ઠેરન દે દિન ચાર, સાંઈ તેરે દ્વારપે-

પૂજ્યશ્રીનો પગ મચકોડાયો તેથી દાસકાકાને ખૂબ દુઃખ થયું.
મચકોડાયલા પગે પરિક્રમા શરૂ કરી.
ગુરુમહારાજની આજ્ઞા માથે ચઢાવી બે કિલોમીટર (દોઢેક માઈલ) જેટલું ચાલી કેવડિયા પહોંચ્યા.

એક તડવી ભગતના મહેમાન થયા.
એમણે પાટાપિંડી કરી સેવા કરી.
બે રાત્રી ત્યાં જ આરામ કર્યો.
કેવડિયાથી નીકળી શૂળપાણેશ્વરની ઉત્તર તટની ઝાડીમાં પ્રવેશ કર્યો.
હાપેશ્વરમાં બે રાત્રી આરામ કર્યો.
આરામ લીધા પછી ઝાડી પૂરી કરી ચિખલદા ગામે આવી પહોંચ્યા.
ચિખલદા ગામે દિવ્યલીલા થઈ.
ચિખલદા ગામની બહાર એક માતાજીનું મંદિર.
પૂજ્યશ્રી પહોંચ્યા ત્યારે મંદિર બંધ કરી પૂજારી ઘરે જતા રહેલા.
પૂજ્યશ્રીના અંતરમાં માતાજીનાં દર્શન કરવાની તીવ્ર તમન્ના જાગી.
આ ગામે જીવનમાં ફરી વાર ક્યારે અવાશે?
પૂજારીજીને સંદેશો મોકલ્યો.
પણ ન તો પૂજારીજી આવ્યા કે ન એણે ચાવી મોકલી.
માતાજીના મંદિરની સામે પૂજ્યશ્રીએ આસન જમાવ્યું.
સૂર્ય નારાયણ બરાબરના તપી રહ્યા હતા.
પૂજ્યશ્રીએ પોતાના દર્શનના તલસાટને સ્તુતિરૂપે રજૂ કર્યો.

તેના શબ્દો હતા:

બોલ બોલ બોલ પ્રેમવેણ એક બોલ ;
ખોલ ખોલ ખોલ દ્વાર, પલક એક ખોલ |

વેદના પૂર્ણ અંત:કરણમાંથી ઊઠેલી આ સ્તુતિમાં જ્યાં પૂજ્યશ્રીએ ગાયું : "તું વિના માત અંક બેસાડનાર કોણ" ત્યાં તો મંદિર ડોલવા લાગ્યું.

મંદિરનાં બારણાં ફટાક દઈને ખૂલી ગયાં, પાષાણ મૂર્તિ ચેતનવંતી બની ગઈ અને બાળકને માએ પોતાના ખોળામાં બેસાડી દીધો.

અવધૂતજીના આનંદનો તો પાર ન રહ્યો.

પરિક્રમાની દિવ્યતા અનુભવી અને 'મા'એ પરિક્રમાનો સ્વીકાર કર્યો.

'માના ખોળે હર કોઈ બાળક સુખને ખોળે....'

●

# (૭)
# ❁ પરિક્રમાની સમાપ્તિ ❁

પૂ. અવધૂત બાપજી તા.૨૩-૧૨-'૨૭ના રોજ શૂળપાણેશ્વરની ઝાડી વટાવી ચિખલદા આવી ગયા. માતાજીની દિવ્યલીલાનાં દર્શન કરી અવધૂતજી આગળ ચાલ્યા.

ચિખલદાથી બડવાહી પહોંચ્યા.

બડવાહીના સામે તટે મોરટક્કા આવેલું છે, જયાંથી પૂજયશ્રીએ પરિક્રમા શરૂ કરી હતી.

બડવાહીથી નીકળીને સિદ્ધનાથ નેમાવર પહોંચ્યા.

તા. ૪-૧-૧૯૨૮ના રોજ સિદ્ધનાથ પહોંચી ભારકચ્છ જવા નીકળ્યા.

ભારકચ્છથી ભેડાઘાટ અને ત્યાંથી મંડલા પહોંચ્યા.

બડવાહીથી ૐકારની ઝાડી શરૂ થાય છે.

એમાં પામાખેડીનું ૨૧ કિલોમીટર (૧૪ માઈલ)નું વિકટ અને ભયવાળું જંગલ છે.

ત્યાં ધોળે દિવસે વાઘ-રીંછ વગેરે હિંસક પશુનો ડર રહેલો હોય છે.

ભૂલા પડાય એવો રસ્તો છે.

લક્કડકોટથી પામાખેડી સુધી સંગાથ હતો એટલે કોઈ મુશ્કેલી પડી નહિ.

માર્ગમાં ગોળનું પાણી અને કોકવાર પલાળેલી ચણાની કાચી દાળનું ભોજન થતું.

મચકોડાયેલો પગ અને તેમાં પાછો તાવ ભળ્યો એમ છતાં ભગવાનની કૃપાથી ચાલવાનું ચાલું જ હતું.

સિદ્ધનાથથી ૯૦ થી ૧૦૦ કિલોમીટર (૬૦-૬૫ માઈલ) ચાલીને અવધૂતજી ચીચલી આવ્યા.

ત્યાં એક મારવાડી બ્રાહ્મણ-વેપારીએ ભાવ દર્શાવી ત્રણ દિવસ રોકી લીધા.

સેવા અને સત્સંગનો લાભ લીધો.

ચીચલીથી નીકળી ૩૦ કિલોમીટર (૨૦ માઈલ) દૂર આવેલા સનખેડા ગામે ગયા.

ત્યાંના એક પટેલે રોકયા અને સેવા કરી.

સનખેડાથી મુડિયા મહારણ થઈ અમરકંટકની પ૨૫ કિલોમીટર (૩૫૦ માઈલ) પરિક્રમા કરી.

અમરકંટકમાંથી જ મા નર્મદા નીકળે છે.

મંડલા, મૂડિયા મહારણ થઇ અમરકંટક પહોંચી ત્યાં નર્મદાકુંડમાં સ્નાન કર્યું.

સ્નાન કરીને સામે કિનારે આવેલા કૂકડામઠ પહોંચ્યા.

કૂકડામઠથી ડિંડોરી આવ્યા.

ડિંડોરીથી મહારાજપુર થઈને મોરટક્કા આવી પહોંચ્યા.

મોરટક્કાથી શરૂ કરેલી નર્મદાની પરિક્રમા પૂ.બાપજીએ મોરટક્કા પાછા આવી પૂરી કરી.

નર્મદા પરિક્રમાનો બીજો તબક્કો પૂરો થયો.

આશરે ૩૨૦૦ કિલોમીટર (૨૦૦૦ માઈલ)ની આ પરિક્રમા દરમ્યાન પૂજ્યશ્રીને કઠિયારાના વેશે ભગવાનનાં દર્શન થયાં તો નર્મદા-મૈયાની કૃપાનાં પણ દર્શન થયાં.

સાંસારિક અનુભવો તો થાય જ.

પરિક્રમાનો થાક ઉતારવા પછી પૂજ્યશ્રી ઝાલોદ, સણસોલી, અમદાવાદ, સરખેજ અને વડોદરા ગયા. વડોદરાથી તા. ૧૭-૫-'૨૮ના રોજ નારેશ્વર પાછા આવ્યા.

•

# (૮)
## ❁ 'મા'ની પ્રસાદી ❁

નર્મદાની પરિક્રમા કરનાર સાધકની મા કાળજી રાખે છે.
શ્રદ્ધા અને વિશ્વાસ એની બે પાંખો છે.
બધી ચિંતા માને સોંપીને પરિક્રમાવાસીએ ચાલતા રહેવાનું છે.
એક સમયની વાત છે.
અવધૂતજી ચાલી ચાલીને થાકી ગયા હતા.
પોતે તો લગભગ ગોળનું પાણી જ પીતા.
કો'કવાર ચણાની દાળ પલાળીને ખાય.
સદાવ્રત હોય પણ ત્યાં માગવું પડે, જે અવધૂતજીના સ્વભાવમાં નહિ.
પરિક્રમાથી થાકેલા અવધૂતજીના પેટમાં ભૂખ પણ સળવળતી હતી.
થાક ઉતારવાનો સારો ઉપાય 'નર્મદાસ્નાન'.
સ્નાનથી વ્યક્તિમાં સ્ફૂર્તિ આવી જાય.
સ્નાન કરવાથી ભૂખ પણ સારી લાગે.
અવધૂતજી તો મા નર્મદાનું સ્નાન કરવા ગયા.
હર નર્મદે કહીને ડૂબકી મારી.

માતાજીની કૃપાથી થાક ઊતરી ગયો.
શરીરમાં સ્ફૂર્તિ આવી ગઈ.
કકડીને ભૂખ લાગી.
હવે શું કરવું?
નિર્જન વનમાં કોણ ભોજન આપે?
મા નર્મદાનું સ્મરણ કરતા કરતા અવધૂતજી સ્નાન કરી નર્મદાની બહાર આવ્યા.
ધીમે ધીમે ડગ ભરવા માંડ્યા.
ભૂખ તો ખૂબ લાગી હતી.
પણ ખાવાનું કોણ આપે?
ત્યાં તો અદ્‌ભુત ચમત્કાર થયો.
રેવાના તીરે એક મોટો પથ્થર જોયો અને એ પથ્થર ઉપર ગરમા ગરમ બે ભાખરી જોઈ.
અધૂરામાં પૂરું એ બે ભાખરી ઉપર માખણનો લોંદો હતો.
એક બાજુ આકરી ભૂખ અને બીજી બાજુ માખણની સાથેની ગરમાગરમ ભાખરી.
'મા નર્મદા'એ પોતાને માટે આ વ્યવસ્થા કરી હશે?
ત્યાં બીજો વિચાર આવ્યો કે આ ભાખરી અને માખણ બીજા કોઈના પણ હોઈ શકે.
એ સ્નાન કરવા ગયો હોય તો?
કોઈની વસ્તુ એને પૂછ્યા વિના કેમ ખવાય?

વણહક્કનું કેમ લેવાય?
આથી અવધૂતજીએ ભાખરી ના લીધી.
કકડીને ભૂખ લાગી હતી તો પણ ના લીધી.
ધીરજ, ધર્મ, મિત્ર અને પત્નીની કસોટી મુશ્કેલીના સમયમાં જ થતી હોય છે એમ સંત તુલસીદાસજી 'રામચરિતમાનસ'માં કહે છે.

ધીરજ, ધર્મ, મિત્ર અરુ નારી ।
આપદકાલ પરખિ અહિં ચારી ।।
(અરણ્યકાંડ દો.૪ ચૌ. ૭)

પાંચ કિલોમીટર (ત્રણેક માઈલ) ચાલ્યા ત્યાં પાછું એ જ દૃશ્ય.
એક પથ્થર ઉપર બે ભાખરી.
આ વખતે ભાખરી પર માખણ ન હતું.
અવધૂતજી નર્મદા મૈયાના પ્રેમને ઓળખી ગયા.
બાળક ભૂખ્યો હોય તો 'મા'ને વ્યથા ન થાય?
'મા'એ એકવાર ખવરાવવાનો પ્રયત્ન કર્યો પણ એ ખાવાનું સ્વીકાર્યું નહિ.
હવે આ બીજી વારની વિનંતીનો ઈન્કાર કરવો યોગ્ય ન જણાયો.
'મા'ની પ્રસાદીનો અવધૂતે સ્વીકાર કર્યો.
ભાખરી ખાધી અને ભૂખને શાંત કરી.

પરિક્રમા કરનારની નર્મદા મૈયા કેવી કાળજી લે છે?
કેવી ચિંતા કરે છે?
મારી "ફિકરમાં તું ફરે છે હવે મેં તો જાણ્યું રે"નો મીઠો અનુભવ અવધૂતજીને આનંદ આપી ગયો.

●

## (૯)
## ❋ કઠિયારા વેશે ભગવાન ❋

ભગવાનને ભક્તનું અભિમાન હોય છે.
ભગવાન પોતાનું અપમાન સહી લે પણ ભક્તનું અપમાન ન સહે.
પોતાના ઉપર ભરોસો રાખીને જીવતા ભક્તની ભગવાન અચૂક સારસંભાળ રાખે.
મા-નર્મદાની પરિક્રમાએ નીકળેલા અવધૂતજીને ભગવાને કઠિયારાના વેશે મદદ કરી.
પરિક્રમા ચાલુ હતી.
વચમાં બે રસ્તા આવ્યા.
હવે કયે રસ્તે જવું?
એક રસ્તો પસંદ કર્યો એના પર થોડું ચાલ્યા.
સાંજનો સમય.

અંધારું થવાને થોડી જ વાર હતી.
થોડું ચાલ્યા તો ગાઢ જંગલ આવ્યું અને રસ્તો બંધ.
આગળ જવાનો કોઈ રસ્તો જ નહિ.
આમ છતાં ભગવાન ભરોસે ચાલવા જ માંડ્યું.
ભગવાનને ભક્તની ચિંતા થઈ.
ભગવાને કઠિયારાનો વેશ લીધો.
કઠિયારાના વેશે અવધૂતજીને સામે મળ્યા.
કઠિયારાએ સામેથી જ પૂછ્યું કે "મહારાજ! આમ ક્યાં જશો?
પરિક્રમાવાસી છો?
રસ્તો ભૂલ્યા છો.
ચાલો, મારી પાછળ પાછળ આવો."
આગળ કઠિયારો અને પાછળ અવધૂતજી.
વાતો થઈ રહી છે.
કઠિયારાએ કહ્યું કે હું ગામમાં અફીણ લેવા જાઉં છું.
થોડીવારમાં ગામ આવી ગયું.
ગામનાં ઘરનાં છાપરાં દેખાવા લાગ્યાં.
જોત જોતામાં ઝાડીનો રસ્તો પૂરો થઈ ગયો.
હવે કઠિયારો અવધૂતજીથી છૂટો પડી ગયો.
નદીના કિનારા તરફ જવા લાગ્યો.
અવધૂતજી ગામ તરફ ગયા.

પાછું વળીને જોયું તો કઠિયારો દેખાય જ નહિ!
અવધૂતજી વિચારમાં પડ્યા કે કઠિયારો ગયો ક્યાં?
એમને થયું કે ટૂંકા રસ્તે ગામમાં ગયો હશે.
અવધૂતજી ગામમાં ગયા.
અફીણવાળાની દુકાન શોધી કાઢી.
દુકાનદારને પૂછ્યું કે, 'કોઈ કઠિયારો અફીણ લેવા આવ્યો હતો?'
દુકાનદારે કહ્યું કે, 'હમણાં કોઈ આવ્યું નથી.
આજે તો આખા દિવસમાં કોઈ અફીણ લેનાર ઘરાક જ આવ્યો નથી.'
અવધૂતજીને ખાતરી થઈ ગઈ કે કઠિયારાના વેશમાં ભગવાન જ હતાં.
એમણે તેમ છતાં દુકાનદારને કહ્યું કે, "હું પાસેની ધર્મશાળામાં છું.
કોઈ કઠિયારો અફીણ લેવા આવે તો મારી પાસે મોકલજો."
અવધૂતજી રાહ જોતા જ રહ્યા પણ કઠિયારો ન આવ્યો તે ન જ આવ્યો.
ભગવાન તો ભક્તની મદદે દોડે.
મદદ કરે પણ મદદ કર્યા પછી મુલાકાત ન આપે.
અવધૂતજી ભગવાનને મનોમન વંદન કરી રહ્યા.

ભગવાન તો ભકતની પાછળ પાછળ ફરતા જ ફરે છે.
ભગવાનના ભરોસે ચાલનારાની સંભાળ લેવી એ ભગવાનની ફરજ છે.
અનન્ય ભાવે શરણ લેનારની ભગવાન લાજ રાખે જ છે.
'મારા ભકતોની લાજ કદી નહિ જાવા દઉં' એવું પાપીગણુએ અમસ્તું ગાયું હશે?

●

## (૧૦)
## ❁ ખેમસિંગનો ખોંખારો ❁

'ઈશની આજ્ઞા વિના જ્યાં પર્ણ પણ નવ હાલતું' અને 'હું કરું હું કરું એ જ અજ્ઞાનતા, શકટનો ભાર જેમ શ્વાન તાણે' એવું દિલથી માણસ ક્યારે સ્વીકારશે?
કરનારો તો ભગવાન છે અને આપણે તો એની કઠપૂતળી છીએ.
એ નચાવે તેમ નાચવાનું.
અવધૂતજી પરિક્રમામાં હતા ત્યારે ખેમસિંગ નામનો એક માણસ સાથે ચાલતો હતો.
પૂજ્યશ્રીની હાજરીને કારણે એને રોજ રોજ સારી ભિક્ષા-ખાવાનું- મળતું.

પૂજ્યશ્રી તો મુખ્યત્વે ગોળના પાણી ઉપર જ રહેતા એટલે જે મળે તે બધું ખેમસિંગને ખાવા મળતું.

રહેવાની સગવડ પણ પૂજ્યશ્રીની પ્રતિભાને કારણે સારી મળતી.

પરંતુ ખેમસિંગના મનમાં અભિમાન જાગ્યું.

એને થયું કે હું છું તો અવધૂતજીનું બધું સચવાય છે.

એમને તાવ આવે છે તો હું પાણી લઈ આવું છું.

વળી મારે કારણે કોઈ વાર અવધૂતજીને પણ સારી સાત્વિક ભિક્ષા મળે છે.

બસ! ખેમસિંગને અભિમાન થયું.

એણે ખોંખારો ખાધો.

અવધૂતજી ખેમસિંગના અભિમાનને પામી ગયા.

'અભિમાન એ જ પાપનું મૂળ છે.'

આ અભિમાન દૂર થવું જોઈએ.

દયા ધરમકો મૂલ હૈ પાપ મૂલ અભિમાન ।
તુલસી દયા ન છાંડિયો જબ લગ ઘટમેં પ્રાણ ॥

પૂજ્યશ્રીએ એક દિવસ ખેમસિંગને બોલાવ્યો.

એને કહ્યું કે હવે આપણે છૂટા પડીએ.

તું આગળ ચાલી નીકળ.

હું પાછળ આવું છું.

એમ ન કરવું હોય તો હું આગળ જાઉં ને તું પાછળ આવજે.

પહેલાં તો ખેમસિંગે ના કહી દીધી.
કહે હું ન હોઉં તો તમારું શું થાય?
તમને તાવ આવે છે તો તમારી કોણ કાળજી લે?
મારાથી તમને એકલા ના મુકાય.
અવધૂતજીએ કહ્યું કે હવે મને તાવ નથી આવતો.
તું મારી ચિંતા ના કરીશ.
બે-ચાર દિવસ પછી પાછા મળીશું જ ને!!
ખેમસિંગે આગળ જવાનું સ્વીકાર્યું.
એને તો એમ કે મારા વગર મહારાજની સ્થિતિ કફોડી થઈ જશે.
એ હેરાન હેરાન થઈ જશે.
હવે ખેમસિંગ એકલો જવા લાગ્યો.
પણ શું બન્યું?
ખાવાનું મળવામાં મુશ્કેલી.
રહેવાની સગવડ બંધ થઈ.
પહેલાં જે સારું સારું ખાવાનું મળતું તે હવે બંધ થયું.
રહેવાની પણ તકલીફ.
ખેમસિંગ તો બિચારો હેરાન હેરાન થઈ ગયો.
થોડા દિવસમાં તો એનું શરીર પણ સુકાઈ ગયું.
એને અવધૂતજી યાદ આવી ગયા.
અરે! હું તો એનો એ જ છું.

પહેલાંના જેવી લીલા લહેર કેમ નથી?
એને ખ્યાલ આવી ગયો કે અવધૂત મહારાજને કારણે પોતાને સારું ખાવાનું અને રહેવાનું મળતું હતું.
પોતાને થયેલું અભિમાન ઊતરી ગયું.
થોડા દિવસ પછી અવધૂતજી મળ્યા.
અવધૂતજીએ પૂછ્યું : "કેમ ખેમસિંગ?
તબિયત કેમ આવી થઈ ગઈ?
બરાબર ખાતો પીતો નથી કે શું?"
બસ! એ ખેમસિંગ તો ધ્રૂસકે ધ્રૂસકે રડી પડ્યો.
રડવાનું બંધ જ ન કરે.
અવધૂતજીએ એને શાંત પાડ્યો અને પછી કહ્યું કે માણસ અહંકારમાં રાચે, અભિમાન કરે એટલે દુ:ખી થાય.
કોના નસીબે કોને સુખ-સગવડ મળે છે એની આપણને શું ખબર?
જો માણસ અભિમાન કર્યા વિના બધા સાથે હળી મળીને રહે, થાય તેટલી સેવા કરે તો પછી સુખ, સુખ ને સુખ જ મળે.
દુ:ખનો દહાડો પણ જોવા ના મળે.
ખેમસિંગે ખોંખારો ખંખેરી નાંખ્યો.

●

# (૧૧)
# ❁ આંધળું અનુકરણ એટલે મરણ ❁

કોઈનું જોઈને એ કરે તેમ કરવું એટલે અનુકરણ.
પરંતુ એના જેવું કરવાની શક્તિ છે કે કેમ?
એ કરવાની આવડત છે કે કેમ?
આવું વિચાર્યા વિના શક્તિ ન હોય, આવડત ન હોય છતાં પણ કોઈના જેવું કરવાનો પ્રયત્ન કરવો એટલે આંધળું અનુકરણ.
આવું આંધળું અનુકરણ કોઈ વાર મોત લાવી દે.
અવધૂત બાપજી સાથે પરિક્રમામાં ખેમસિંગને ઓળખાણ થઈ.
બાપજી સાથે ચાલતો હતો.
બાપજીની થોડી સેવા પણ કરતો હતો.
પૂજ્યશ્રીની જીવનચર્યા જોઈ.
એને આકર્ષણ થયું.
એ કહે 'બાપજી! મને થોડું કંઈ શીખવો.
મને થોડું કંઈ બતાવો.'
બાપજીએ કહ્યું: 'ભલે! વખત આવે બતાવીશ.'
પરંતુ ખેમસિંગને તો ભારે ઉતાવળ.
બાપજી બતાવે તો જ થાય એવું થોડું છે?

એમનું જોઈને પણ કરી શકાય ને!

પૂજ્યશ્રીને પિત્ત પ્રકોપ થતો ત્યારે બ્રહ્મદાતણની ક્રિયા કરતા.

બ્રહ્મદાતણમાં વડની પાતળી મૂળી કુશળતાપૂર્વક મોમાં ઉતારવાની હોય છે.

પેટમાં મૂળી ઉતારીને પેટ સાફ કરવાની આ વિધિ છે.

પિત્ત બહાર નીકળી જાય એટલે મનને રાહત થાય.

ખેમસિંગે બાપજીને બ્રહ્મદાતણ કરતાં જોયેલા.

એને થયું કે આવું તો હું પણ કરી શકું.

એક દિવસની વાત છે.

અવધૂતજી ધ્યાનમાં બેઠા છે.

ધ્યાનમગ્ન અવસ્થામાં પછી આજુબાજુનો ખ્યાલ રહેતો નથી.

ખેમસિંગભાઈ તો ઊઠ્યા.

ક્યાંકથી વડની ૧૮ ઇંચ જેટલી લાંબી મૂળી લઈ આવ્યા.

એણે તો પેટમાં ધીરે ધીરે મૂળી ઉતારવા માંડી.

મૂળી ઊતરતી ગઈ.

એને થયું કે આ તો સહેલું છે.

આપણને આવડી ગયું.

પરંતુ ત્યાં તો એ દાતણ અંદર ક્યાંક ભરાયું.

દાતણ-મૂળી અંદર જતી બંધ થઈ.

અકળામણ શરૂ થઈ.
મૂળી બહાર કાઢવાનો પ્રયત્ન કર્યો તો બહાર પણ ના નીકળે.
ખેમસિંગ ફસાયો.
મૂળી ન તો અંદર જાય કે ન તો બહાર આવે.
ગભરામણ વધવા માંડી.
પ્રાણ આકુળ વ્યાકુળ થવા લાગ્યા.
બોલાય પણ નહિ.
એક બાજુ અવધૂતજી ધ્યાનમગ્ન અને બીજી બાજુ ખેમસિંગની આંખના ડોળા બહાર નીકળી આવ્યા.
શ્વાસ રૂંધાવા લાગ્યો.
શરીર પાણી પાણી થઈ ગયું.
જાણે મોત સામે ઊભું હોય એમ લાગ્યું.
પરંતુ ભગવાનની કૃપાથી અવધૂતજી ધ્યાનમાંથી જાગ્યા.
આજુબાજુ નજર કરી તો ખેમસિંગ જણાયો નહિ.
ઊભા થઈને જોયું તો આ બાજુ ખેમસિંગ મોંમાં દાતણ સાથે મરવા પડેલો.
અવધૂતજી બધું સમજી ગયા.
ખેમસિંગની પાસે ગયા.
એને કહ્યું કે, 'બિલકુલ ગભરાઈશ નહિ.
હું દાતણ કાઢી નાંખું છું.'

એને ઊંધે માથે લટકાવ્યો.
અને ધીરે ધીરે કુશળતાપૂર્વક મૂળી બહાર કાઢી.
થોડીવાર મોંમાંથી થોડું લોહી નીકળતું રહ્યું.
પરંતુ દાતણ નીકળી ગયું એટલે ખેમસિંગના શરીરમાં ધીમે ધીમે પ્રાણ આવ્યા.
ખેમસિંગ સ્વસ્થ થયો.
અવધૂત બાપજીને પગે પડ્યો.
એણે માફી માગી.
ખેમસિંગ બોલ્યો કે, 'બાપજી! હવે તમારું જોઈને કોઈ દિવસ આંધળું અનુકરણ નહિ કરું.'
આંધળું અનુકરણ એટલે જ મરણ.

•

## (૧૨)
## ❋ અવધૂતજીની સમયસૂચકતા ❋

સમય વર્તે સાવધાન થઈ જાય એ વ્યક્તિ હોશિયાર કહેવાય.
આવી વ્યક્તિ આપત્તિના સમયમાં યોગ્ય નિર્ણય લઈ શકે.
આવી સમયસૂચકતા કોઈપણ સમસ્યાનું સરસ નિવારણ કરી શકે.

એક વખતની વાત છે.
અવધૂતજી પરિક્રમા કરે છે.
સાથે ખેમસિંગ પણ ચાલે છે.
અવધૂતજી તો મનમાં ભગવાનનું સ્મરણ જ કરતા હોય.
'દિગંબરા દિગંબરા'ના મંત્રનો જાપ જપતાં અવધૂત બાપજી આગળ વધ્યે જાય છે.
ખેમસિંગ આજુબાજુનાં દૃશ્યો જોતો જાય છે.
એવામાં એણે ત્રણ રીંછોને જોયાં.
આ ત્રણ રીંછો નર્મદાની ભેખડમાંથી નીચેથી ઉપર ધસી આવતાં હતાં.
આ બંને પ્રવાસીની સામે આવે એટલે જાણે સામે મોત જ આવીને ઊભુ રહ્યું.
ખેમસિંગે તો તરત જ અવધૂતજીને બૂમ પાડી: 'મહારાજ! ભાલુ.'
અવધૂતજીએ આ બૂમ સાંભળી.
તરત સાવધ થઈ ગયા.
આવા સમયે ગભરાયા વગર ઉપાય વિચારવાનો હોય છે.
એટલી સ્વસ્થતા કેળવવી જરૂરી બને છે.
પણ ખેમસિંગ તો ગભરાઈ ગયેલો.
પૂજ્યશ્રીએ ખેમસિંગને કહ્યું કે, 'તું છે ત્યાં જ ઊભો રહે.

બિલકુલ દોડાદોડ ના કરીશ.
હું આગળ છું એટલે ખાશે તો પહેલાં મને ખાશે.
મારા પર હુમલો કરે તો તું તારી મેળે ગમે ત્યાં દોડી જજે.'
આમ કહીને અવધૂતજીએ પોતાની તેજસ્વી દૃષ્ટિ રીંછ સામે ઠેરવી.
પોતાના હાથમાંનો દંડ બરાબર પકડ્યો અને મુખથી 'ગુરુદેવ દત્ત'ની ભયંકર ગર્જના કરી દંડ જમીન પર પછાડ્યો.
કોણ જાણે શું થયું તે રીંછો પાછાં વળી ગયાં.
જાણે કે તે અવધૂત ભગવાનનાં દર્શન કરવા આવ્યાં હતાં તે દર્શન થઈ ગયાં.
અવધૂતજીની તપશ્ચર્યાનો પ્રભાવ જોઈને ખેમસિંગ તો નવાઈ પામી ગયો.
પોતાના ઈષ્ટદેવ ઉપરનો વિશ્વાસ અને સમયસૂચકતાને કારણે બંને પરિક્રમાવાસી હેમખેમ આગળ ચાલવા લાગ્યા.
આપત્તિમાં જ વિશ્વાસની અને સમયસૂચકતાની કસોટી થાય છે ને?
અને એ કસોટીમાંથી પાર પડે તે જ સાચો.

●

## (૧૩)
## ❁ માયાવી તંબૂરાની માયા ❁

અવધૂતજીની પરિક્રમા આગળ વધતી હતી.
ઝાડીમાંથી પસાર થવાનું આવે ત્યારે આદિવાસી ભીલોનો ભય રહે.
તે આવે અને પરિક્રમાવાસીને લૂંટી લે.
ઘણીવાર તો વસ્ત્ર સુદ્ધાં લઈ લે.
પરિક્રમામાં એક ગુજરાતી પરિક્રમાવાસીનો ભેટો થયો.
આ ગુજરાતી પરિક્રમાવાસી તંબૂરિયો ભગત હતો.
જંગલમાંથી-ઝાડીમાંથી પસાર થઇ રહ્યા હતા.
ભીલોની- આદિવાસીઓની વસતીવાળો પ્રદેશ- ત્યાં મુકામ થયો.
ભિક્ષા લીધી.
ભિક્ષા લઈને પરવાર્યા ત્યાં તો તીરકામઠાં લઈને ભીલ લોકો આવી પહોંચ્યા.
જેનો ભય હતો, જેની બીક હતી તે ભીલ લોકો આવી ગયા.
હવે શું?
ભીલોએ તંબૂરિયા ભગતને કહ્યું: 'સબ ધર દે'.
બધું ધરી દે.

ભગતે તો બધું જ આપી દીધું પણ એક તંબૂરો રહેવા દીધો.
લૂંટવા આવેલા ભીલોએ તંબૂરાનો આગ્રહ રાખ્યો.
ભગત તો રડવા લાગ્યો.
રડતો જાય અને બાપજીને પ્રાર્થના કરતો જાય કે મારો તંબૂરો મારી પાસે રહે એવું કાંઈ કરો.
મારે ભજન ગાવા માટે એની જરૂર છે.
બાપજીને મનમાં દયા આવી.
પરંતુ એટલામાં તો ભીલોએ તંબૂરો છીનવી લીધો.
તંબૂરો છીનવી લીધો ને પથ્થર સાથે પછાડી તોડી નાંખ્યો.
જેવો તંબૂરો તોડ્યો કે તરત જ એના દાંડામાંથી ખણખણ કરતા અગિયાર રૂપિયા નીચે પડ્યા.
પૂ.બાપજી સમજી ગયા કે આ ભગત તંબૂરો આપવાની કેમ ના કહેતો હતો.
ભીલો લૂંટ ચલાવી જતા રહ્યા.
અવધૂતજીએ પેલા તંબૂરિયા ભગતને કહ્યું: 'ભગતજી! આવું શું કામ કર્યું?
બધો માયાનો ભો (ભય) છે.
મા રેવા ઉપર ભરોસો નથી કે જ્યારે વસ્તુની જરૂર પડશે ત્યારે મા રેવા એની વ્યવસ્થા કરશે?

માયા માર ખવડાવે તે આનું નામ.
સંગ્રહ કરવાની શી જરૂર?'
પરંતુ ભગતજીએ તો તંબૂરાનું રડવાનું ચાલુ રાખ્યું.
હવે હું તંબૂરા વગર ભજન કેવી રીતે કરીશ?
ભજન વગર મારું જીવન બેકાર થઈ જશે.
પૂ.અવધૂતજીએ એમને છાના રાખ્યા.
એમને કહ્યું કે તમે રડો નહિ.
તમને કયાંકથી નવો તંબૂરો અપાવીશું.
પરિક્રમામાં આગળ જતાં એક ગામ આવ્યું.
ત્યાંનો કોઈ સત્સંગી પૂજ્યશ્રી પાસે આવ્યો.
મારે લાયક કંઈ સેવા? એવું એણે પૂછ્યું.
પૂ.અવધૂત બાપજીએ કહ્યું કે આ ભગતનો તંબૂરો ભીલોએ તોડી નાંખ્યો છે તો બને તો એક તંબૂરો લાવી આપો.
નવો તંબૂરો આવી ગયો અને ભગતજી ખુશ ખુશ થઈ ગયા.
માયાવી તંબૂરાની માયાએ ભગતજીને રડાવ્યા.
માયાથી દૂર રહો નહિતર માયા માર ખવડાવશે.

●

# (૧૪)
# ❁ વિનોદી અવધૂત ❁

અવધૂત બાપજી એ ભણેલા ગણેલા સંત હતા.
ખૂબ જ બુદ્ધિશાળી અને પ્રતિભાશાળી.
પાછા હાજર જવાબી- વ્યુત્પન્ન મતિવાળા.
શાળામાં ભણતા હતા ત્યારે પણ વિનોદ કરતા અને શાળામાં ભણાવતા ત્યારે પણ વિનોદની વૃત્તિ જોવા મળતી.
પરિક્રમા કરવા નીકળ્યા ત્યારે જ્ઞાનની વાતો પણ કરે અને વિનોદ પણ કરે.
જ્ઞાનની વાતો સાંભળીએ ત્યારે એમ જ લાગે કે આ મહાન જ્ઞાની પુરુષ છે.
ગંભીર મહાત્મા છે.
એક વાર પરિક્રમામાં કેટલાક સાધુઓનો સાથ થયો.
આ બધા તો ચીલા ચાલુ સાધુ.
ઘરમાં ના ગોઠ્યું તો થઈ ગયા સાધુ.
આ તો બધા માથે પડે એવા સાધુ.
કોઈ કહે: ‘મહારાજ! રામ રામ.’
તો સાધુ કહે: ‘રામ રામ. આજ તેરે ઘર મુકામ.’
આવા સાધુ બાપજીની રહેણી કરણી જોઈને વિચાર કરે.

આ સુખી ઘરનો છોકરો જણાય છે તો પછી કેમ પરિક્રમામાં નીકળી પડ્યો?
એમને એમ કે ઘરનો દુઃખી હોય તે બાવો બને અને આવી પરિક્રમા કરે.
અવધૂત બાપજીની વિશિષ્ટ રહેણીકરણી જોઈ સાધુબાવાઓને એમની પરીક્ષા કરવાનો વિચાર આવ્યો.
આ છોકરો કેટલા પાણીમાં છે તે જોઈએ તો ખરા.
એક સાધુબાવાએ પૂછ્યું: 'બ્રહ્મચારીજી! તુમ લંગોટકા મંત્ર જાનતે હો ક્યા?'
પૂજ્ય બાપજીએ તરત જ કહી દીધું: "હાં હાં. મૈં લંગોટકા મંત્ર તો બહોત અચ્છી તરહ સે જાનતા હૂં."
પેલા સાધુબાવા તો આશ્ચર્યમાં ડૂબી ગયા.
આવો તો કોઈ મંત્ર હતો જ નહિ.
એમણે તો મશ્કરી કરવા જ પૂછેલું.
પૂજ્ય બાપજીએ હા કહી એટલે બીજા બધા સાધુ બોલી ઊઠ્યા કે "બ્રહ્મચારીજી! જાનતે હો તો જરા મંત્ર સુનાઓ તો સહી."
અવધૂતજીએ કહ્યું કે "મૈં મંત્ર તો સુના દૂં લેકિન કૌનસી ભાષામેં આપકો સુનના હૈ વો તો બતાઓ."
બધા સાધુઓને અવધૂતજીની વાતમાં રસ પડ્યો.
એમણે કહ્યું: "હિન્દી ભાષામેં સુનાઓ."

પૂજ્યશ્રી તો હાજર જવાબી અને પાછા વિનોદી.
એમને વળી મંત્ર બનાવતા શી વાર?
એમણે તો તરત જ કહ્યું: "મહાત્મા લોગ! મૈં લંગોટકા મંત્ર સુનાતા હૂં તો જરા ધ્યાનસે સુનના."
બધા સાધુઓ તો કાન સરવા કરીને બેઠા.
પૂજ્યશ્રીએ મંત્ર કહ્યો:

"લોભકી લંગોટી, લાલચકા ધાગા,
દુનિયા ઠગત ફિરે લિયે બિરાગા."

સાધુઓ તો સ્તબધ થઈ ગયા.
આવો મંત્ર તો કોઈ દિવસ સાંભળ્યો જ ન હતો.
અને મંત્ર તો એમને બરાબર લાગુ પડતો હતો.
સાધુઓને તો પૂજ્યશ્રીની વિનોદવૃત્તિ પ્રત્યે ખૂબ માન થયું.
એમની કુતૂહલવૃત્તિ અને ઘૃણાવૃત્તિ પૂજ્યતામાં ફેરવાઈ ગઈ.

●

## (૧૫)
## ❁ વાસુદેવનામસુધાની રચના ❁

નર્મદા પરિક્રમા બે તબક્કામાં પૂરી થઈ.
પૂ. ગાંડા મહારાજ પાસે જઈને જે ગ્રંથ મઠારેલો તે ગ્રંથ છપાવવાનું કામ પણ અવધૂતજીએ જ કરવાનું આવ્યું.
ગ્રંથનું નામ શ્રીગુરુમૂર્તિચરિત્ર.
આ ગ્રંથ મરાઠી ભાષામાં ઓંવી છંદમાં રચાયો હતો.
આ ગ્રંથ છપાવવાનું કામ ભરૂચમાં થવાનું હતું.
ભરૂચમાં જેની પાસેથી દત્તપુરાણનો ગ્રંથ મળ્યો હતો તે કલ્યાણજીભાઈ દેસાઈના મહેમાન તરીકે જવાનું હતું.
પૂજ્યશ્રી ભરૂચ ગયા.
કલ્યાણજીભાઈએ તેમનો મુકામ નર્મદા કિનારે ભાગાકોટના ઓવારાની સામે આવેલી ધર્મશાળામાં રાખ્યો હતો.
શ્રીગુરુમૂર્તિચરિત્રમાં પ.પ.સ્વામી વાસુદેવાનંદ સરસ્વતી સ્વામી મહારાજની લીલાનું વર્ણન છે.
એમાં ૧૩૫ અધ્યાય છે અને ૧૪૮૮૩ ઓંવી છે.
અવધૂતજી આ ગ્રંથને છપાવવા માટે ભરૂચમાં લગભગ છ મહિના રહ્યા.

તા. ૧૫, જૂન ૧૯૨૮ના રોજ ભરૂચ પહોંચ્યા હતા અને લગભગ તા. ૨૮-૧૨-૧૯૨૮ના રોજ નારેશ્વર પાછા આવ્યા હતા.

આ ગ્રંથની છપામણીના કાર્ય દરમ્યાન સ્વામી મહારાજની મહત્ત્વની લીલાનું વર્ણન કરતું એક સ્તોત્ર રચ્યું.

આ સ્તોત્ર પોતાના નિત્યક્રમ માટે રચ્યું.

રોજ એનો પાઠ થઈ શકે એવા હેતુથી રચ્યું.

સંસ્કૃતમાં રચાયેલા આ સ્તોત્રમાં ૧૦૮ શ્લોક છે.

બે લીટીના અનુષ્ટુપ છંદના આ શ્લોકમાં ચોથી પંક્તિ એ ધ્રુવ પંક્તિ છે.

'વાસુદેવ નમોઽસ્તુ તે' એ ધ્રુવ પંક્તિ દરેક શ્લોકને અંતે આવે છે.

આ સ્તોત્રમાં પોતાના ગુરુની લીલાનું વર્ણન છે અને પોતાની ગુરુ પ્રત્યેની ભાવનાનું દર્શન પણ છે.

સને ૧૯૩૨માં શ્રીગુરુલીલામૃતની સમાપ્તિ થઈ હતી.

એ ગ્રંથના ઉપાસના કાંડની ઘણી લીલાઓ આ સ્તોત્રમાં વર્ણવેલી છે.

આ સ્તોત્રના બે ત્રણ શ્લોક જોઈએ.

માણગ્રામે જનિર્યસ્ય ટેમ્બે નામ્નિ સુવંશકે ।
અત્રિગોત્ર ત્ર્યધીશાત્મન્ વાસુદેવ નમોઽસ્તુતે ॥૩॥

અર્થ: માણગાંવમાં ટેમ્બે નામના પ્રખ્યાત વંશમાં અત્રિગોત્રમાં જન્મ લેનાર દત્તાત્રેય સ્વરૂપ હે વાસુદેવ! તમને નમન હો.

કરુણાત્રિપદેનૈવ હ્યુગ્રં દત્તં ચ સાન્ત્વયન્ ।
વાડીસ્થાન્મોચયામાસ વાસુદેવ નમોઽસ્તુતે ॥૩૯॥

અર્થ: કરુણાત્રિપદી દ્વારા ખરેખર ઉગ્ર દત્તપ્રભુને શાંત કરનાર અને વાડીના લોકોને (દત્તપ્રભુના ક્રોધમાંથી) છોડાવનાર હે વાસુદેવ! તમને નમન હો.

અષ્ટરૂપક સામગ્ર્યા ત્રિસહસ્રં ત્વભોજયેત્ ।
વૈજનાથનિમિત્તેન વાસુદેવ નમોઽસ્તુતે ॥૫૧॥

અર્થ: વૈજનાથના નિમિત્તે આઠ રૂપિયાની સામગ્રીમાંથી ત્રણ હજારને જમાડનાર હે વાસુદેવ! તમને નમન હો.

આજે પણ ભકતો આ સ્તોત્રનો પાઠ કરે છે અને કેટલાક તો એનું અનુષ્ઠાન પણ કરે છે.

●

# (૧૬)
# ❁ મોરાર અને ચંડીપાઠ ❁

અવધૂતજી નારેશ્વરમાં પોતાનું અનુષ્ઠાન કરતા હતા.
પછી તો અવધૂતજી માટે એક ગુફાનું નિર્માણ થયું.
મકાનના ભોંયરામાં તપશ્ચર્યા અનુકૂળ રહેતી.
આરામ પણ ત્યાં કરતા.
નવરાત્રિના દિવસોમાં અવધૂતજી ગુફામાં ચંડીપાઠ કરતા હતા.
મોટેથી બોલીને પાઠ કરતા એટલે બહાર સેવા કરનારને પણ સંભળાતો.
મોરાર નામનો એક ભક્ત હતો.
આશ્રમનું કામકાજ કરતો.
બાપજી પ્રત્યે ખૂબ શ્રદ્ધા અને ઘણી ભાવના.
પૂજ્યશ્રી બપોરના ચંડીપાઠ કરતા તે મોરાર ઘણીવાર સાંભળતો.
એને સમજ તો શું પડે?
પણ બાપજીનો અવાજ સાંભળી રાજી થાય.
એક વખતની વાત છે.
પૂ.બાપજી નારેશ્વરની બહાર ગયા હતા.
મોરાર તો નારેશ્વરમાં આવી સાફસૂફીનું કામકાજ કરવા લાગ્યો.

નારેશ્વરની વિશાળ જગા.
એકદમ નીરવ શાંતિ અને મોરાર સિવાય કોઈ નહિ.
પહેલાં તો 'બાપજી છે' એ હિંમતથી એ નિરાંતે કામ કરતો.
આજે તો પોતે એકલો પડી ગયો.
એના મનમાં થોડી બીક પેઠી.
કોઈને આ વાત કરી નહિ પરંતુ પોતે એકલો ભય પામવા લાગ્યો.
બપોરે મોરાર સ્થાન સાફ કરવા લાગ્યો.
ત્રણેક વાગ્યા હશે.
મનમાં થોડી થોડી બીક તો હતી જ.
પરંતુ ત્યાં એ ચોંકી ઊઠ્યો.
અરે! પૂ.શ્રી તો ગુફામાં ચંડીપાઠ કરે છે.
એમનો સ્પષ્ટ અવાજ સંભળાવા લાગ્યો.
એને થયું કે અવધૂતજી આવ્યા ક્યારે અને ગુફામાં ગયા ક્યારે?
એ તો ગુફાની ચારે બાજુ ફરી વળ્યો.
બારણાએ તાળું માર્યું હતું એ તો એવું ને એવું અકબંધ હતું.
એણે ગુફા પાસે કાન માંડ્યા.
અવધૂતજીનો અવાજ ગુફાની અંદરથી સ્પષ્ટ આવતો હતો.

એ તો વિચારે ચઢી ગયો.

અવધૂતજી આવ્યા ક્યારે?

ગુફાનું તાળું ખોલ્યું કોણે?

અવધૂતજી ગુફામાં ગયા ક્યારે?

અને પાછું તાળું મારીને કોણ જતું રહ્યું?

પછી તો એ લીમડા પર ચઢ્યો તો ત્યાં પણ અવાજ સંભળાય!

ગુફાના ધાબે જઈ કાન માંડ્યા તો ત્યાં પણ પાઠનો અવાજ સંભળાય.

સમય પૂરો થતાં પાઠનો અવાજ આવતો બંધ થઈ ગયો.

એ તો આશ્ચર્યચકિત થઇ ગયો.

અવધૂતજીની ગેરહાજરીમાં સ્થાનમાં રાત્રે સૂવા આવનાર મૂળજી ગોરને વાત કરી.

એણે કહ્યું કે તને કદાચ બીક લાગી હશે એટલે એ દૂર કરવા બાપજીએ તને આ અનુભવ કરાવ્યો હશે.

બાપજી તો શરીરથી નારેશ્વરની બહાર જાય છે બાકી એ તો સદાયે અહીં જ હોય છે.

બે ત્રણ દિવસ પછી મુ. મોદીકાકા નારેશ્વર આવ્યા.

મૂળજી ગોર અને મોરાર બંને એ બનેલી વાત કહી સંભળાવી.

પૂજ્યશ્રીના સર્વવ્યાપકત્વને મોદીકાકા તો જાણતા જ હતા.

એમણે મોરારને કહ્યું કે તું ભાગ્યશાળી કહેવાય કે તને પૂ.અવધૂતજીના દિવ્ય અનુભવનો- દિવ્ય લીલાનો- લાભ મળ્યો.

અવધૂતજીના સ્થાનને સંભાળનારની અવધૂતજી કેમ સંભાળ ના રાખે?

●

## (૧૭)
## ❁ રંગમાં બજરંગ ❁

નારેશ્વર પાસે સાયર નામે ગામ.
અવધૂતજી નારેશ્વરના દહેરે અનુષ્ઠાન કરે.
લોકોને આ સાધુ વિશે કૌતુક ઘણું.
સાધુ છે પણ સીધું ઉઘરાવવા નથી નીકળતો.
સાધુ છે પણ ખાસ બોલતો નથી.
કોઈ પાસે કાંઈ માગતો નથી.
પૈસાને અડતો નથી.
અરે! આવો તે કાંઈ સાધુ હોય?
હશે કોઈ ભેદી જાસૂસ કે ક્રાંતિવીર.
ધીરે ધીરે લોકોનો ભ્રમ ભાંગવા માંડ્યો.
સાયર ગામમાં એક ગોર રહે.

નામ એમનું મૂળજી ગોર.
યજમાનના ઘરે પૂજા પાઠ કરે અને ગુજરાન ચલાવે.
હનુમાનજીના જબરા ભકત.
શરીર પણ હનુમાનજી જેવું કસાયેલું.
ડર કે બીક કોને કહેવાય એ તો જાણે જ નહિ.
કોઈ વાર એના શરીરમાં હનુમાનજીનો આવેશ આવતો.
લોકો ગોરને માન આપે.
એક તો બ્રાહ્મણ અને હનુમાનજીના ભકત.
શરીર પણ એવું કે જરૂર પડે તો બધાની મદદે દોડી જાય.
આ મૂળજી ગોરને કો'કે અવધૂતજી વિશે વાત કરી.
અરે ગોર બાપા! નારેશ્વરમાં એક બાવો આવ્યો છે.
દર્શને જવા જેવું છે.
જોવા જેવો છે.
ગોરને મન તો એક જ દેવ અને તે પણ બજરંગબલિ જ.
બીજા કોઈને માથું નમાવે નહિ.
મૂળજી ગોરે કહ્યું કે અરે! એવા બાવા તો બહુ જોયા.
મારા હનુમાનજીને છોડીને હું બીજે જતો નથી અને નમતો નથી.
જે ભાઈએ ગોરને મળવાનું કહેલું તે ભાઈ નારેશ્વર પણ જાય.

અવધૂતજીને મળ્યા.
પગે લાગ્યા.
પછી મીઠું મરચું ભભરાવીને મૂળજી ગોરની વાત કરી.
બાપજી તો બધી વાત સાંભળી જ રહ્યા.
વાત સાંભળીને પછી ખૂબ હસ્યા.
પછી પેલા ભાઈને કહ્યું કે તમે તમારા ગોરને મારા નામે કહેજો કે તમારા હનુમાનજી આજે આવીને નારેશ્વરમાં બેઠા છે.
મનમાં દર્શનની ઈચ્છા હોય તો નારેશ્વરના સ્થાને પહોંચી જજો.
મૂળજી ગોરને પેલા ભાઈએ વાત કરી.
મૂળજી ગોરનો તો મિજાજ છટક્યો.
પિત્તો ઊછળ્યો.
હાથમાં મોટો દંડ લીધો.
ધમ ધમ કરતાં ચાલી નીકળ્યા.
અરે! બાવાની આ હિંમત?
મારા ઈષ્ટદેવ નારેશ્વરમાં બિરાજે છે એવી ડિંગ હાંકે છે?
લાવ, જોઉં તો ખરો.
એની ખબર લઈ નાંખું.
હાથમાં ડાંગ અને મોંમાં બીડી.
ગોરના સ્વભાવને ગામલોકો ઓળખે.
આ તો ગાંડો ગોર છે.

બાવા જોડે ઝઘડો ના કરે એટલા માટે દસ-બાર જણ જોડાયા.
પણ આ શું?
નારેશ્વરના છીંડામાં ગોરે પગ મૂક્યો ત્યાં જ હાથમાંથી ડાંગ પડી ગઈ.
ડાંગ લેવા ગયા તો મોંમાંથી બીડી પડી ગઈ.
બીડી લેવા જતાં બીડી ચંપાઈ.
હાથ દાઝ્યો.
જોડેનાએ કહ્યું કે દંડ અને બીડી પડી ગયાં તો હવે ભલે પડ્યાં.
પાછાં લેવાં નથી.
મૂળજી ગોર થોડા ઢીલા પડ્યા.
મૂળ તો સંસ્કારી બ્રાહ્મણ.
વિચારે ચઢી ગયા કે આવું કેમ થયું?
જે ધમ ધમ ચાલતા હતા તે ચાલ હવે ધીમી પડી અને અવધૂતજીને જોતાં તો એમના છક્કા જ છૂટી ગયા.
શ્રીરંગ બાપજીમાં એને બજરંગ બલિનાં દર્શન થયાં.
સાક્ષાત્ હનુમાનજી જ બેઠા હોય એવાં દર્શન થયાં!
મૂળજી ગોરની આંખમાંથી આંસુડાંની ધાર વહેવા લાગી.
રડતાં રડતાં ચરણમાં માથું મૂકી દીધું અને મનોમન સર્વસ્વ સમર્પણ કરી દીધું.

બસ! ત્યારથી આ મૂળજી ગોર રંગ બાપજીનાં હનુમાન સમી રખેવાળી કરવા લાગ્યા.

મૂળજી ગોર એટલે જાણે કે બાપજીના બૉડીગાર્ડ.

બસ! તે દિવસથી મૂળજી ગોરના બજરંગ એટલે રંગ બાપજી.

•

## (૧૮)
## ❊ મંદ મંદ ધૂપની સુગંધ ❊

અવધૂતજીને નારેશ્વરમાં સ્થાયી કરવામાં હરગોવિંદદાસનો ફાળો ઘણો.

હરગોવિંદદાસને બધા દાસકાકાના નામે ઓળખે.

એમની પત્નીનું નામ રૂક્ષ્મણી અને દીકરીનું નામ મૂળી.

દાસકાકા રણાપુરમાં રહે અને દીકરી મૂળીબહેનને કહોણા ગામે પરણાવેલી.

દાસકાકાએ તો પૂજ્યશ્રીનાં ચરણોમાં સર્વ સમર્પણ કરેલું.

એમનો સોનીનો ધંધો પણ બંધ કરી દીધો.

સોનામાં કળિનો વાસ રહેલો છે.

એ માન્યતાને લીધે દાસકાકાએ ધંધો બંધ કરી દીધો હતો.

પૂ.શ્રીની વાતો મૂળીબહેન સાંભળે એટલે એમને પણ પૂ.શ્રી તરફ શ્રદ્ધા અને ભાવ જાગેલાં.

પરંતુ જે શ્રદ્ધા અને ભક્તિ દાસકાકાને તથા રૂક્ષ્મણીબહેનને હતાં એવાં મૂળીબહેનને ન હતાં.

મૂળીબહેન હતાં પણ જુવાન.

આમ છતાં સમય મળે નારેશ્વર અવધૂતજીનાં દર્શને જાતાં.

એક વખતની વાત છે.

મૂળીબહેન ભરૂચ જવાનાં હતાં.

ભરૂચ જતાં પહેલાં અવધૂતજીના દર્શને આવ્યાં.

પગે લાગીને પૂછ્યું કે ભરૂચ જવાની છું તો કંઈ સેવા છે? કંઈ જોઈતું કરતું હોય તો કહો.

હું ભરૂચથી લેતી આવીશ.

ભગવાન ભરોસે જીવતાં અવધૂતને તો કશાની જરૂર શાની હોય?

અકિંચનવ્રત લઈને બેઠેલા એ નિષ્કામ અવધૂતને શું જોઈએ?

એમણે કહ્યું કે બહેન! કોઈ વસ્તુની જરૂર નથી.

પરંતુ સંસ્કારી માત-પિતાનાં દીકરી મૂળીબહેન કાંઈ એમ વાત પડતી મૂકે ખરાં કે?

એમણે તો વારે વારે આગ્રહપૂર્વક સેવા જણાવવા વિનંતી કર્યા જ કરી.

છેવટે એમના હૃદયનો ભાવ જોઈને બાપજીએ કહ્યું કે ભરૂચ જાવ છો તો દેવ માટે ધૂપ લેતાં આવજો.

મૂળીબહેનને સેવા કરવાની તક મળી એનો ખૂબ આનંદ થયો.

મૂળીબહેન ભરૂચ જઈ આવ્યાં.

ભરૂચથી  ધૂપ લઈ આવ્યાં.

ગુરુવારે નારેશ્વર દર્શને ગયાં ત્યારે બાપજી પાસે ધૂપનું પડીકું મૂક્યું.

બાપજીએ કહ્યું: "હું રોજ સવારે ૮ થી ૯ની વચ્ચે ધૂપ કરું છું.

આ ધૂપની સુગંધ તમારા કહોણા ગામે આવે તો માનજો કે તમે સાચા ભાવથી ધૂપ લાવ્યાં છો અને ભગવાને એનો સ્વીકાર કર્યો છે."

મૂળીબહેન તો આશ્ચર્યમાં ડૂબી ગયાં.

અરે! નારેશ્વરથી કહોણા તો ૫ કિલોમીટર (૩ માઈલ) દૂર આવ્યું છે.

ત્યાં સુધી તે વળી ધૂપની સુગંધ આવતી હશે?

એને અવધૂતજીની આ વાત મગજમાં ન ઊતરી.

પછી એને એમના પિતાજીએ કહેલી વાતો યાદ આવી એટલે થયું કે અરે! સમર્થ સંત તો ન કરવાનું બધું કરી શકે.

એમ વિચારતાં વિચારતાં ઘરે ગયાં.

આવતા ગુરુવારે પાછું નારેશ્વર જવાનું વિચાર્યું.

કોઈનો સંગાથ ના મળ્યો એટલે મૂળીબહેન નારેશ્વર ના ગયાં.

ન જવાનું મનમાં દુઃખ તો હતું જ.

મન ઉદાસ હતું પણ મનમાં ગુરુદેવનું સ્મરણ પણ હતું.

ત્યાં તો ઘરમાંથી ધીમે ધીમે ધૂપની સુગંધ આવવા માંડી.

આખો ઓરડો સુગંધથી ભરાઈ ગયો.

ઘરમાં કોણે ધૂપ  કર્યો છે?

ઘરમાં રસોડે જઈને ચૂલો જોયો.

ચૂલો સળગાવ્યો જ ન હતો પછી ધૂપ કોણ કરે!

મૂળીબહેન તો ગયાં પડોશીના ઘરે.

જઈને પૂછ્યું કે ‘બહેન! તમારા ઘરે ધૂપ કર્યો છે?’

એ બહેને ના કહી એટલે બીજા પડોશીના ઘરે ગયાં.

એને પૂછ્યું તો એ કહે કે ‘આપણા ગામમાં ધૂપ કેવો ને વાત કેવી?

આપણને ધૂપ કરવાનું શું કામ?’

મૂળીબહેન તો મૂંઝાયાં.

પાછાં ઘરે ગયાં.

ઘર તો ધૂપની સુવાસથી ભરેલું હતું.

અચાનક એમને અવધૂતજીના શબ્દો યાદ આવી ગયા.

હું સવારના ૮ થી ૯માં ધૂપ કરું છું.

જો કહોણા તમારા ઘરે  સુગંધ આવે તો માનજો કે તમે સાચા ભાવથી ધૂપ લાવ્યાં છો.

મૂળીબહેન ઘડિયાળ પાસે ગયાં.

ઘડિયાળમાં જોયું તો બરાબર સાડા આઠ (૮-૩૦) થાય હતા.

એમની આંખમાંથી અશ્રુ વહી  રહ્યાં.

આંસુ વહ્યાં પણ શ્રદ્ધા ભક્તિ અનેક ગણાં વધ્યાં.

સાચા સંતનું સામર્થ્ય જોઈને મૂળીબહેન અવધૂતજીનાં પરમ ભક્ત બની ગયાં.

●

# (૧૯)
## ❁ ત્વમેવ સર્વં મમ દેવ દેવ ❁

દાસ્યભક્તિના આદર્શનું મૂર્ત સ્વરૂપ એટલે દાસકાકા.
અવધૂતજીની પહેલી મુલાકાતે જ એમના ચરણોમાં સર્વ સમર્પણ કરી દીધું.
તેમનુ આખું ઘર પૂજ્યશ્રીને પોતાના સદ્ગુરુ માને.
દાસકાકાની તો શ્રદ્ધા, ભક્તિ અને ભાવના જ જુદા પ્રકારનાં.
મૂળીબહેનને પૂ.બાપજી પોતાનાં બહેન માને.
દિવાળી પૂરી થાય એટલે ભાઇબીજના દિવસે પૂજ્યશ્રી રણાપુર જાય.
બહેનના ઘરે ભાઈ જમવા જાય એવો સાંસારિક રિવાજ પૂજ્યશ્રી પાળે અને જગત સામે ઊંચો આદર્શ રજૂ કરે.
દિવાળીના દિવસોમાં એક વાર અવધૂતજીના શરીરમાં ખૂબ તાવ આવ્યો.
અવધૂતજી વિદેશી દવા-ઈંજેક્શન તો લે નહિ.
કાષ્ટ ઔષધ- કો'ક વાર લે.
દત્તભગવાન વૈદ્ય અને નર્મદા જળ ઔષધ.
તાવ હઠવાનું નામ જ ન લે.
દિવાળી પૂરી થઈ અને ભાઇબીજ આવી.

પૂ.શ્રી તો નિયમ પ્રમાણે રણાપુર પહોંચી ગયા.
પૂ.બાપજીના શરીરમાં પુષ્કળ તાવ.
અગ્નિના ગોટા જેવા શ્વાસોચ્છવાસ ચાલે.
રોગનો ભોગ દ્વારા ક્ષય થાય તે જ યોગ્ય છે એવું અવધૂતજી માને.
તાવને કારણે ભૂખ પણ મરી ગઈ.
ખાવાનું ભાવે જ નહિ.
ખાવાની ઈચ્છા જ ન થાય.
અનિચ્છાએ કદાચ ખાય તો ખાધેલું વાન્તિ (Vomit) રૂપે નીકળી જાય.
બાપજીની તબિયત જોઈને દાસકાકાને અતિશય દુઃખ થયું.
બસ! મનમાં એક જ વિચાર ફર્યા કરે.
એવું શું કરું કે જેથી તાવ મટે.
તાવ જાય તો ખાવાની ઈચ્છા થાય.
દાસકાકાને એકદમ યાદ આવ્યું કે કડવા બાફનો ન્યાસ આપીએ તો તાવ જરૂર હટે.
બીજે દિવસે ઘણી બધી કડવી વનસ્પતિઓ મંગાવી.
એ બધી વનસ્પતિને ગરમ પાણીમાં ખૂબ ઉકાળી.
એ વનસ્પતિને- ઉકાળવા માંડી એટલે વરાળ નીકળવા માંડી.

દાસકાકાએ બાપજીને કહ્યું: "ચાલો બાપજી! ન્યાસ લેવા.

વનસ્પતિની વરાળનો ન્યાસ લેશો તો તાવમાં ઘણો ફેર પડશે."

પૂ.શ્રી તો ન્યાસ લેવા માટે બેઠા.

અવધૂતજી ન્યાસ લેતા હતા ત્યારે બીજા ભક્તો પણ બેઠા હતા.

અવધૂતજી ન્યાસ લેતા જાય અને ભક્તો સાથે વાતો કરતા જાય.

એવામાં એક ભક્તે પૂછ્યું: "બાપજી! અમે શું કરીએ તો તમારો તાવ જાય?"

અવધૂતજી તો ટીખળી સ્વભાવના.

વિનોદ કરવાની એમની ટેવ.

એમણે હસવામાં કહ્યું કે તમારામાંથી જો કોઈ આ કડવા પાણીમાંથી એક ચમચો પાણી પી જાય તો મારો તાવ મૂઠી દઈને ભાગી જાય.

પેલા ભક્તે તો આવા જવાબની ધારણા જ નો'તી રાખી.

પેલા ભાઈ તો વિચારમાં પડી ગયા.

પરંતુ દાસકાકા તો તરત ઊભા થયા.

એક રકાબી લઈ આવ્યા.

રકાબી ભરીને કડવું પાણી લીધું અને જાણે મધનું મીઠું પાણી પીતા હોય તેમ પી ગયા.

બધા જોતા જ રહી ગયા.

અવધૂતજીએ ચમચો ભરીને પાણી પીવાનું કહ્યું તો દાસકાકા તો રકાબી ભરીને પી ગયા.

દાસકાકાની દાસ્યભક્તિ અવધૂતજીને પ્રસન્ન કરી ગઈ.

દાસકાકા માટે તો અવધૂતજી સર્વસ્વ હતા.

માતા, પિતા, બંધુ, મિત્ર, વિદ્યા,ધન અને ઈષ્ટદેવ બધું જ રંગબાપજી.

દાસકાકા મનમાં બોલી રહ્યા હતા:

ત્વમેવ માતા ચ પિતા ત્વમેવ ત્વમેવ બંધુશ્ચ સખા ત્વમેવ ।
ત્વમેવ વિદ્યા દ્રવિણં ત્વમેવ ત્વમેવ સર્વં મમ દેવ દેવ ॥

●

## (૨૦)

## ❁ સદા દાસની પાસ ❁

રણાપુરના હરગોવિંદદાસની રંગભક્તિ એટલે આદર્શ ભક્તિ.

દાસકાકાનો દાસ્યભાવ- સેવાભાવ દરેકના હૈયે વસી જાય એવો.

ભગવાનને ભક્ત જે રીતે ભજે તે રીતે ભગવાન પણ ભક્તને ભજે છે એવું ગીતામાં ભગવાને શ્રીમુખે કહ્યું છે:

'યે યથા મામ્ પ્રપદ્યન્તે તાંસ્તથૈવ ભજામ્યહમ્ ।'
(ગીતા અ.૪ શ્લો.૧૧)

આવું જ સંતની બાબતમાં પણ સાચું છે.

સંત તરફ જેનો જેવો ભાવ હોય તેવો જ સંતનો પ્રતિભાવ.

રંગ બાપજી એટલે દાસકાકાનું સર્વસ્વ.

આ દાસકાકાની ચિંતા અવધૂતજી કરે.

સણિયાદ નામનું ગામ.

એમાં એક સોની રહે.

નામ એનું શિવલાલ.

આ શિવલાલભાઈ નાંણાકીય મુશ્કેલીમાં ફસાયા.

ચિંતા વધી.

જીવવાની હિંમત હારી બેઠા.

દાસકાકાને આ વાતની જાણ થઈ.
દાસકાકા તો પહોંચી ગયા સણિયાદ.
શિવલાલને હિંમત આપી અને રૂ. ૨૦૦૦ની મોટી રકમ ઉછીની આપી.
એ જમાનામાં તો આટલી રકમ ઘણી મોટી ગણાય.
શિવલાલે પૈસા ઉછીના લીધાનું લખાણ લખી આપ્યું.
લખાણની નીચે સહી કરી.
પૈસા ઉછીના લીધાનો દસ્તાવેજ ગણાય.
શિવલાલ મુશ્કેલીમાંથી બહાર આવી ગયા.
પરંતુ 'ગરજ સરી ને વૈદ્ય વેરી' એ ઉક્તિની જેમ શિવલાલનું કામ થઈ ગયું અને ઘણો સમય પસાર થઇ ગયો પણ પૈસા પરત કરવાની કોઈ વાત જ નહિ!
દાસકાકા રાહ જોવા લાગ્યા.
પછી તો દાસકાકા ઉઘરાણી કરે તો ઝઘડો કરે.
આંખો લાલ કરે અને શાના પૈસા ને શાની વાત એવું વર્તન કરે.
પૈસા ઉછીના લીધા જ નથી એવી હવા ફેલાવી.
દાસકાકાને ગુસ્સો ચઢ્યો.
એમણે કરજણની અદાલતમાં કેસ માંડી દીધો.
પરંતુ શિવલાલ તો કપટી હતો.
આવા લોકો ખોટું કરવામાં બહુ હોશિયાર હોય.

છેતરપિંડી કરવામાં પણ જબરા.
એણે તો એક બનાવટી પાવતી તૈયાર કરી.
દાસકાકાની બનાવટી સહીવાળી પાવતી એણે તો કોર્ટમાં રજૂ કરી દીધી.
પૈસા તો ચૂકવી દીધા છે પછી પાછા શાના માગે?
દાસકાકાએ આ બનાવટી પાવતીની વાત જાણી.
એમને અપાર દુઃખ થયું.
પણ દગો કોઈનો સગો નહિ.
દગો કરનાર છેવટે તો હારે જ.
કોર્ટમાં કેસ ચાલે છે પણ દાસકાકા ખૂબ ઉદાસ રહે.
ખાવાનું પણ ભાવે નહિ.
એક વાર દાસકાકા નારેશ્વર દર્શને આવ્યા.
ચહેરો એકદમ ઉદાસ.
મોં ફિક્કુંફસ દેખાય.
દાસકાકાને ઉદાસ જોતાં જ અવધૂતજીએ પૂછ્યું: 'દાસ! કેમ ઉદાસ દેખાઓ છો?
શાની ચિંતા છે?
વાત કહેવાય એવી હોય તો કહો.'
એમણે બાપજીને બધી વાત કરી.
પૂજ્યશ્રીની વાત સાંભળી દાસકાકાની આંખ ભીની થઈ ગઈ.

આ સાંભળીને અવધૂતજી બોલ્યા: ‘દાસ! જો સાચા દિલથી દેવની સેવા કરી હશે તો તમને દેવ તમારા પૈસા પાછા અપાવશે અને અવધૂત એનો જામીન.’

બસ! દાસકાકામાં હિંમત આવી ગઈ.

બાપજી જામીન થાય પછી શી ચિંતા?

ભકતની ફિકરમાં ભગવાન ફરે એમ સંત પણ જામીન થાય એટલે પછી જે તે વ્યક્તિની ચિંતામાં ફરે.

કેસમાં મુદત પર મુદત પડતી હતી.

આખરે છેલ્લી તારીખ આવી.

દાસકાકાના વકીલે કહ્યું હતું કે આ તારીખે બધું નકકી થઈ જશે.

તમે બધા દસ્તાવેજો-સાબિતીનાં કાગળિયાં અને સાથે મારી ફી લેતા આવજો.

દાસકાકાએ તો બધા દસ્તાવેજો-સાબિતીરૂપ કાગળિયાં ભેગાં કર્યાં.

વ્યવસ્થિત ગોઠવ્યાં અને જોડે વકીલની ફીની રકમ મૂકી એક પોટલી તૈયાર કરી.

સવારે વહેલા ગાડી પકડી કરજણ આવ્યા.

કરજણ નાની ગાડીનું છેલ્લું સ્ટેશન.

સ્ટેશન આવ્યું એટલે દાસકાકા તો એક હાથમાં છત્રી અને બીજા હાથમાં લાકડી લઈને ઊતરી પડ્યાં.

વિચારમાં ને વિચારમાં દસ્તાવેજ અને ફીની રકમની પોટલી લેવાનું ભૂલી ગયા.

પોટલી રહી ગાડીમાં અને દાસકાકા તો ઊતરી પડ્યા અને ચાલવા લાગ્યા.

દાસકાકા થોડું ચાલ્યા અને એકદમ પોટલી યાદ આવી. બેબાકળા બની ગયા.

ઝડપથી ગાડીના ડબ્બા પાસે પહોંચી ગયા.

આખો ડબ્બો જોઈ વળ્યા પણ પોટલી મળી નહિ.

કેસ જીતવાનો આધાર જે દસ્તાવેજ ઉપર હતો તે દસ્તાવેજની પોટલી જ રહી ગઈ.

હવે કેસ હારી જવાનો ભય જાગ્યો.

કેસ હારી જઈએ અને પૈસા જાય એની ચિંતા ઓછી હતી.

દાસકાકાને વધારે ચિંતા એમની આબરૂની હતી.

સમાજમાં "દાસ જુઠ્ઠો" એવી છાપ પડે એનું ભારે દુઃખ હતું.

સવાલ આબરૂનો હતો, પ્રતિષ્ઠાનો હતો.

ગાડીના બીજા ડબ્બા પણ જોયા પણ પોટલી ના મળી તે ના જ મળી.

દાસ થઈ ગયા ઉદાસ.

ગુરુમહારાજનું સ્મરણ થઈ ગયું.

અરે! ગુરુમહારાજ! છેક કિનારે નાવ ડૂબી જવાની કે શું? વેદના અને વ્યથાભરી અંતરની પ્રાર્થના ભગવાન કેમ ના સાંભળે?

દાસકાકા બાવરા બનીને ઊભા હતા ત્યાં જ એક મુસલમાનનો છોકરો આવ્યો.

છોકરાએ આવીને પૂછ્યું કે 'આ પોટલી તમારી છે?'

જેવી પોટલી જોઈ કે તરત જ દાસકાકા બોલ્યા: "હા ભાઈ! આ મારી જ પોટલી છે.

આ પોટલી જ શોધતો હતો."

દાસકાકાના હાથમાં પોટલી મૂકતાં છોકરાએ કહ્યું: "તમારી પોટલી જોઈ લો. બધું બરાબર તો છે ને!"

દાસકાકાએ બધું જોઈ લીધું.

બધું અકબંધ હતું.

દાસકાકા રાજી રાજી થઈ ગયા.

છોકરાને રાજી કરવા કહ્યું કે ચાલ! આપણે સાથે ચા પીએ.

છોકરાએ કહ્યું : "કાકા હું ચા પીતો નથી."

દાસકાકા બીજું કાંઈ બોલે તે પહેલાં તો છોકરો જતો રહ્યો.

"ભગવાન આ છોકરાનું ભલું કરજે" આવું બોલતા બોલતા દાસકાકા કોર્ટના રસ્તે પડ્યા.

●

## (૨૧)

## ❁ દાસનો કેસ-યવનનો વેશ ❁

ભગવાન ભક્તને આધીન છે અને ભક્તની ઇચ્છાને સંતોષવા વિવિધ રૂપ લે છે.

અંબરીષને બચાવવા માટે ભગવાન વિષ્ણુએ જુદી જુદી યોનિમાં અવતાર લીધા.

જેવું ભગવાનનું તેવું જ સાચા સંતનું.

એ એક વાર કોઈનો હાથ ઝાલે પછી એનો ઉદ્ધાર કરીને જ છોડે.

એટલે સાચા સંતો શિષ્ય કરતા નથી.

શિષ્ય બનાવવો એટલે પોતાને માથે એની જવાબદારીનું પોટલું ઊંચકવું.

અવધૂતજીએ દાસકાકાને કહ્યું હતું કે તમે દેવની સાચા હૃદયથી સેવા કરી હશે તો દેવ તમારા પૈસા તમને અપાવશે અને અવધૂત એનો જામીન છે.

આ જામીન થવાની જે જવાબદારી લીધેલી તે અવધૂતજીએ પાળી બતાવી.

દાસકાકા તો મુસલમાનના છોકરાનો મનમાં આભાર માનતા જ રહ્યા.

ગુરુમહારાજનું સ્મરણ કરતા કરતા પહોંચી ગયા કોર્ટમાં. કોર્ટમાં પોતાના વકીલને મળ્યા.

બધા દસ્તાવેજો બતાવ્યા અને વકીલને એની ફીની રકમ પણ આપી.
દસ્તાવેજો તપાસ્યા પછી વકીલે કહ્યું કે તમે ચિંતા કરશો નહિ.
ભગવાનની કૃપાથી ચુકાદો આપણી તરફેણમાં આવશે.
કોર્ટમાં કેસ ચાલ્યો.
દાસકાકાના વકીલે દસ્તાવેજો રજૂ કર્યા.
શિવલાલે રજૂ કરેલી પાવતી બનાવટી છે અને પૈસા ચૂકવ્યા નથી એ વાત ન્યાયધીશના ગળે ઊતરી ગઈ.
દાસકાકાની તરફેણમાં ચુકાદો આવ્યો.
દાસકાકાની આંખમાં હરખનાં આંસુ આવી ગયાં.
સમાજમાં પોતાની આબરૂ સચવાઈ ગઈ.
કરજણમાંથી જ શ્રીફળ, ફૂલહાર અને પ્રસાદ લઈને દાસકાકા તો ઊપડ્યા ગુરુમહારાજનાં દર્શને.
માલોદ સ્ટેશને ઊતરીને ગયા સીધા નારેશ્વર.
નારેશ્વર જઈ અવધૂતજીના ચરણમાં સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યા.
ચરણમાં શ્રીફળ, હાર અને પ્રસાદ બધું મૂકી દીધું.
દાસકાકા હજી કાંઇ બોલે તે પહેલા જ અવધૂતજીએ જરા કડક આવજે, ઠપકો આપતાં હોય તેમ કહ્યુ: દાસ! આવી રીતે કોર્ટનો કેસ લડવા જાવ છો?
દસ્તાવેજ તો સાચવી શકતા નથી.

દાસકાકા આ ઠપકાને સમજી શક્યા નહિ.

એમને થયું કે કોઈએ આવીને અવધૂતજીને પોટલી ખોવાયાની વાત કરી દીધી હશે તેથી પૂજ્યશ્રી ઠપકો આપે છે.

પૂ. બાપજી સમજી ગયા કે હજી દાસ સમજ્યા નથી.

એટલે એમણે હસતાં હસતાં કહ્યું કે હવે કરજણ જાવ તો મારે માટે મુસલમાન પહેરે છે તેવી ટોપી લેતા આવજો.

જ્યાં પૂ. બાપજીએ આમ કહ્યું ત્યાં જ દાસકાકાના મગજમાં ઝબકારો થઇ ગયો.

અરે! મારા સદ્‌ગુરુ પોતે યવનનો વેશ લઈને મારા માટે આવ્યા હતા.

હું ચા પીતો નથી.

એવું મુસલમાનના છોકરાએ કહેલું તેનું સ્મરણ થયું.

અરે! બાપજી પણ ક્યાં ચા પીએ છે?

ફરી પાછા દાસકાકા અવધૂતજીનાં ચરણમાં લાંબા થઈને પગે પડ્યા.

પોતાના કેસ માટે અવધૂતજીએ યવનનો- મુસલમાનનો વેશ લીધો એ વાત હવે એમને બરાબર સમજાઈ ગઈ.

બસ! તે દિવસથી દાસકાકા એમને સાક્ષાત્ દેવ જ માનવા લાગ્યા.

એમનો દેવભાવ એકદમ સ્થિર થઈ ગયો.

●

## (૨૨)

## ❁ શ્રીગુરુમૂર્તિચરિત્ર ગ્રંથનું સેવા કાર્ય ❁

દેવનું કામ દેવ કરે છે અને તે માનવીને સમજમાં ન આવે એવી રીતે કરે છે.

આઠ વર્ષની ઉંમરે કોલ્હાપુરમાં બાળ પાંડુરંગને સ્વપ્નાદેશ થયો:

'પોથી વાંચ.'

અને ભગવાને પાંડુરંગને મોંઘેમામા પાસેથી પોથી અપાવી.

ગરુડેશ્વરની સામે આવેલા ઈન્દ્રવર્ણા ગામના શિવાલયમાં સ્વપ્નાદેશ થયો:

"દત્તપુરાણનાં ૧૦૮ પારાયણ કરો" અને ભરૂચમાંથી કલ્યાણજીભાઈ પાસેથી ભગવાને દત્તપુરાણનો ગ્રંથ અપાવ્યો.

દત્તપુરાણનાં ૧૦૮ પારાયણનું અનુષ્ઠાન પૂરું થયું પણ કોઈ પણ ભકતને ઉદ્યાપન અંગે વિચાર ન આવ્યો.

અવધૂતજીએ નર્મદાની પરિક્રમા દ્વારા ઉદ્યાપન કરવાનું નક્કી કર્યું ત્યાં ભગવાને સ્વપ્નાદેશ કર્યો:

'અવધૂત! દક્ષિણમાં ગાંડા પાસે જા.

ગાંડો તારી રાહ જુએ છે.'

અને અવધૂતજીએ પરિક્રમા બાજુએ મૂકી અને વાંકડી ગામે પૂ. ગાંડા મહારાજ પાસે ગયા.

આ બધા બનાવોની પાછળ ભગવાનની ચોક્કસ યોજના હતી.

શ્રીગુરુમૂર્તિચરિત્રનો ઓંવી બદ્ધ ગ્રંથ મઠારીને પછી અવધૂતજીએ નર્મદાની પરિક્રમા કરી.

પરંતુ શ્રીગુરુમૂર્તિચરિત્ર ગ્રંથને છપાવવાની જવાબદારી પૂ. ગાંડા મહારાજે અવધૂતજીને જ સોંપી.

પોતે તો કઠપૂતળી છે અને ગુરુમહારાજ નચાવે તેમ નાચવું એવું અવધૂતજી માને અને તે પ્રમાણે વર્તે.

સંવત ૧૯૮૪ના જેઠ વદ ૧૩ને શુક્રવાર તા. ૧૫-૬-૧૯૨૮ના રોજ અવધૂતજી ભરૂચ આવ્યા.

કલ્યાણજીભાઈને ઘરે ભિક્ષા લેવાની અને રહેવાનો મુકામ નર્મદા કિનારે ભાગાકોટને ઓવારા સ્હામે ધર્મશાળાના મેડા ઉપર હતો.

પોતાના ગુરુમહારાજે કરેલી દિવ્ય લીલાને પૂ. ગાંડા મહારાજે ગ્રથિત કરી હતી.

આ લીલાનું ઓંવી છંદમાં પદ્યમાં રૂપાંતર એક ભક્તે કર્યું હતું.

અવધૂત બાપજીએ વાંકડીમાં એ ગ્રંથ મઠાર્યો હતો.

હવે એને છપાવવા માટે ભરૂચ આવ્યા હતા.

શ્રીગુરુમૂર્તિચરિત્રમાં ૧૩૫ અધ્યાય, ૧૪૮૮૩ ઓવી અને ૪૭૭ શ્લોક છે.

કર્મ, ઉપાસના અને જ્ઞાન એવા ત્રણ કાંડ છે.

પહેલો કર્મકાંડ છે, પછી ઉપાસના કાંડ છે અને છેલ્લે જ્ઞાનકાંડ છે.

ગ્રંથ ભૂલ વિનાનો છપાય એ માટે પૂજ્યશ્રી ખૂબ કાળજીપૂર્વક પ્રૂફ તપાસતા હતા.

આ કાર્ય દરમ્યાન પોતાના નિત્ય પાઠ માટે સંસ્કૃતમાં ૧૦૮ શ્લોકનું સ્તોત્ર રચ્યું.

સ્તોત્રનું નામ રાખ્યું: "વાસુદેવનામસુધા."

ભરૂચમાં છ માસ રહીને ગ્રંથ તૈયાર કર્યો.

ગ્રંથ તૈયાર થયો એટલે ગ્રંથનું પહેલું પારાયણ પૂજ્યશ્રીએ જ કર્યું.

આખો ગ્રંથ ભગવાનને વાંચી સંભળાવ્યો.

ગ્રંથ તૈયાર થયો તે હાથોહાથ પહોંચાડવા પાછા પૂ. ગાંડા મહારાજ પાસે ગયા.

ગુરુમહારાજના ઋણનો સ્વીકાર કરવાની આ શ્રેષ્ઠ પદ્ધતિ કહેવાય.

આ કાર્ય કરાવવા પાછળ ભગવાનની શી યોજના હતી તે તો પછીથી ખબર પડી.

●

# (૨૩)
## ❁ કસોટીની એરણ પર ❁

દત્તપુરાણનાં ૧૦૮ પારાયણનું અનુષ્ઠાન, નર્મદાની પરિક્રમા અને શ્રીગુરુમૂર્તિચરિત્ર ગ્રંથની છપામણીનું કાર્ય પૂ રું થતાં અવધૂતજી હવે મુક્ત રીતે વિહરવાનું વિચારતા હતા.

પૈસાને સ્પર્શ કરવાનો નહિ, સીધી કે આડકતરી રીતે માગવાનું નહિ.

પોતાનો પરિચય આપવાનો નહિ અને અવધૂતી વેષમાં ફરવાનું.

જંગલમાં રહીને તપ કરવાનું- ભણવાનું અને પછી આ રીતે જગતમાં- સંસારમાં- ફરવાનું એટલે પરીક્ષા આપવાની.

ફરતા ફરતા એક વાર અવધૂતજી તાપી નદીના કિનારે આવી ચઢ્યા.

અશ્વિનીકુમારના ઘાટે આવ્યા.

સ્નાન-ધ્યાન-સંધ્યાદિથી પરવાર્યા.

નિત્યકર્મમાંથી પરવાર્યા પછી ઘાટ ઉપરના મંદિરે આવ્યા.

મંદિરના ઓટલા પર એક બ્રાહ્મણ બેઠા હતા.

એમણે અવધૂતજીને જોયા.
અવધૂતજીની પાણીદાર આંખો અને દિવ્ય મુખ જોતાં જ બ્રાહ્મણ સમજી ગયા કે આ કોઈ અલૌકિક વ્યક્તિ છે.
બ્રાહ્મણ ઊઠીને અવધૂતજી પાસે ગયો.
જઈને પ્રણામ કર્યા.
પ્રણામ કર્યા પછી બ્રાહ્મણે અવધૂતજીને પોતાના ઘરે ભિક્ષા લેવા માટે પધારવાની પ્રાર્થના કરી.
અવધૂતજી તો ભગવાનની લીલા જોઈ રહ્યા.
ના કોઈ ઓળખાણ કે ના કોઈ પિછાણ અને છતાં ભાવભર્યો આગ્રહ એ જ ભગવાનની લીલા.
અવધૂતજીએ એમની પ્રાર્થના સ્વીકારી.
એમના ઘરે ગયા અને ભિક્ષા લીધી.
પતિ-પત્નીએ ભિક્ષા કરાવ્યા પછી પ્રણામ કર્યા.
અવધૂતજીએ ભિક્ષા લીધા પછી હાથમાં દંડ લીધો અને પાદુકા પહેરી અને જવા તૈયાર થયા.
સંસ્કારી બ્રાહ્મણને યાદ આવ્યું કે આવી સાત્વિક વ્યક્તિને ભિક્ષા આપ્યા પછી દક્ષિણા આપવી જોઈએ.
પાકીટમાંથી પાંચ રૂપિયાની નોટ કાઢી.
અવધૂતજીએ કહ્યું: "ભાઈ! હું દ્રવ્યને સ્પર્શ કરતો નથી.

એટલે તમારી દક્ષિણા લઈ શકું નહિ.
માઠું ના લગાડશો."
પેલા બ્રાહ્મણના આશ્ચર્યનો તો પાર જ ના રહ્યો.
અવધૂતજી જવા લાગ્યા એટલે બ્રાહ્મણે પૂછ્યું: "બાપજી! હવે અહીંથી આપ ક્યાં જશો?"
અવધૂતજીએ કહ્યું: "આતમરામ જયાં લઈ જાય ત્યાં જઈશું.
આમ છતાં અત્યારે તો શુક્લતીર્થ જવાનું વિચાર્યું છે."
પેલા બ્રાહ્મણને ભગવાને સુઝાડ્યું નહિ કે અવધૂતજીને ટિકિટ કઢાવી આપે.
અવધૂતજી પોતે જાતે ચાલીને કોઈને એવું કહે નહિ કે હું દ્રવ્યનો સ્પર્શ કરતો નથી પણ કોઈ ટિકિટ કઢાવી આપે તો સ્વીકારું છું.
આકાશીવૃત્તિથી રહેવાનું એટલે બધું ભગવાનને સોંપીને ફરવાનું.
પછી અવધૂતજી સુરતના રેલવે સ્ટેશને ગયા.
ભરૂચ જવાની ગાડી આવી.
પણ ભગવાને ટિકિટની કોઈ વ્યવસ્થા કરી નહિ.
અવધૂતજી વગર ટિકિટે તો ગાડીમાં બેસે નહિ.
ગાડી ઊપડી ગઈ.

અવધૂતજી સમજી ગયા કે ભગવાનની ઈચ્છા એવી છે કે શુક્લતીર્થની પદયાત્રા કરો.

પગે ચાલીને જવાની તપશ્ચર્યા કરો.

સુરતથી સજોદ જવાનું થયું.

સજોદ ગામના સામા કિનારે શુક્લતીર્થ આવ્યું છે.

અવધૂતજીએ ભગવાનની ઈચ્છા માથે ચઢાવી અને સુરતથી સજોદ ગામ સુધી ચાલી નાંખ્યું.

સુરતથી સજોદનું ૬૦ કિલોમીટરનું અંતર પવનવેગે ઊડતા અવધૂતજીએ ચાલી કાઢ્યું.

પોતે લીધેલા નિયમોની કસોટીની એરણ પર અવધૂતજી ચઢ્યા અને એમાં સફળતાથી પાર ઊતર્યા.

●

## (૨૪)
## ❁ વાગ્બાણ વાગ્યાં રે હોય તે જાણે ❁

સુરતથી નીકળેલા અવધૂતજી સજોદ ગામના પાદરે આવ્યા.

એકી શ્વાસે ચાલતા આવ્યા.

શરીરને થાક લાગે પણ મન તો સ્વસ્થ હતું.

સજોદના પાદર થઈને થોડું ચાલે એટલે રેવાનો કિનારો આવે.

એના સામે કિનારે શુક્લતીર્થ ગામ.
સજોદના પાદરથી ખેતરમાં થઈને અવધૂતજી ચાલ્યા જતા હતા.
ખેતર મૂળાનું હતું.
એક મજૂરણ બાઈ જમીનમાંથી મૂળા કાઢી રહી હતી.
એણે અવધૂતજીને ખેતરમાંથી જતા જોયાં.
હૃદયમાં એવો ભાવ જાગ્યો કે આમને એક-બે મૂળા આપું.
એમણે તો બૂમ પાડી: "મહારાજ! ઊભા રહો."
અવધૂતજી તો ઊભા રહ્યા.
એણે હૃદયના સાચા ભાવથી અવધૂતજીને બે મૂળા આપ્યા.
મૂળા ભરાવદાર હતા.
જમીનમાંથી કાઢેલા એટલે એના પર માટી ચોંટેલી હતી.
અવધૂતજી તો મૂળા લઈને ચાલતા થયા.
દૂરથી મા-રેવાના દર્શન થયાં.
માતાને પ્રણામ કર્યા.
એમણે વિચાર્યું કે રેવાજલથી મૂળા સાફ કરીને પછી ખાઈશું.
માણસ ધારે છે કાંઈ અને ભગવાન કરે છે કાંઈ.

માનવીની યોજના બધી અદ્ધરતાલ રહી જાય એવી ભગવાન યોજના કરે.
હાથમાં મૂળા લઈને અવધૂતજી રેવાજીના કિનારા તરફ જઈ રહ્યા છે.
રેવા કિનારે જતાં વચમાં એક નાનકડી હોટલ હતી.
અવધૂતજી ન તો ચા પીએ કે ન તો હોટલનું કશું ખાય.
એટલે હોટલ તરફ નજર નાંખવાની પણ વૃત્તિ નહિ.
પરંતુ હોટલવાળાને મન તો દરેક વ્યક્તિ એક ગ્રાહક સમાન.
ઘણા સાધુઓ હોટલની ચા પણ પીએ અને ભજીયાં-ગાંઠિયા પણ ખાય.
હોટલવાળાને એમ કે આ મહારાજ આવે તો થોડી કમાણી થાય.
એટલે એમણે તો સ્વાર્થભર્યા પ્રેમથી બૂમ પાડી: "મહારાજ! આવો, આવો."
એમ બૂમ પાડી બાંકડો સાફ કર્યો.
અને પછી કહ્યું: "બેસો મહારાજ."
બાપજી તો એની મીઠડી વાણી સાંભળી ત્યાં બેઠા.
પેલો હોટલવાળો તો વારે ઘડીએ પૂછ્યા કરે: "આપ શું લેશો?
કંઈ તો લો."

હોટલવાળાને એમ કે આ મહારાજ ભજીયાં કે ગાંઠિયા કે ચા માગે તો થોડી કમાણી થાય.

પૂજ્યશ્રી એવું સમજ્યા કે આને સંતની કંઈ સેવા કરવી છે.

હોટલવાળાએ વારે વારે પૂછ્યું એટલે પૂ.બાપજીએ કહ્યું કે ચોખ્ખું પાણી હોય તો એક લોટો પાણી આપો.

હોટલવાળાએ પાણી આપ્યું એટલે અવધૂતજીએ મૂળા સાફ કર્યા.

મૂળાના કકડા કર્યા.

બે-ચાર કકડા ખાધા.

ત્યાં પાછો હોટલવાળો પૂછવા લાગ્યો: મહારાજ! કાંઈ આપું?

કાંઈ જોઈએ છે?

એની દાનત એવી કે કાંઈ ઘરાકી થાય.

અવધૂતજી સમજે કે આને સેવા કરવી છે.

પણ વેપારી તો સ્વાર્થથી ભરેલો હોય.

એને વળી સેવા કેવી ને વાત કેવી?

તમે ઘરાક બનીને જાવ તો તમારી વાહ વાહ કરે.

અને કંઈ ના ખરીદો તો હવા કાઢી નાંખે એવું બોલે.

અવધૂતજીએ તો ભોળા ભાવે કહ્યું કે થોડું મીઠું આપો.

મૂળા સાથે મીઠું હશે તો સારું રહેશે.

પેલા હોટલવાળાની બધી ગણતરી ઊંધી પડી.

એટલે મીઠું આપવા ઊભો તો થયો પણ ગુસ્સામાં કડવાં વેણ બોલતો બોલતો ગયો.

"ઘર છોડ્યું, સંસાર છોડ્યો પણ સ્વાદ તો છૂટતો નથી."

અવધૂતજીએ આ કડવી વાણી સાંભળી.

અવધૂતજીને એની વાત સાચી લાગી.

અંતરથી આભાર માન્યો.

મનથી ગુરુ માન્યો.

અવધૂતજી તો થયા ઊભા.

મૂળાની માયાએ માર ખવડાવ્યો એટલે મૂળા ફેંકી દીધા અને ચાલવા માંડ્યું.

હોટલવાળો તો પોતાના સ્વાર્થમાં આંધળો થઈને બોલ્યો પણ અવધૂતજીની તો આંખ ઊઘડી ગઈ.

●

## (૨૫)
## ❋ કસોટી ભારી. પછી રખેવાળી ❋

ભગવાન ભકતની કસોટી કરે.
જીવ તાળવે ચોંટી જાય એવી કસોટી કરે પણ પાછી રખેવાળી પણ કરે.
આળ-પંપાળ પણ કરે.
સુરતથી રેવા કિનારા સુધીની પદયાત્રા કરાવી.
ભગવાને ટિકિટ માટે કોઈને પ્રેરણા ના કરી.
હવે સામે કિનારે શુકલતીર્થ જવાનું છે.
નાવડીમાં બેસે એટલે થોડીવારમાં જ સામે કિનારે.
પરંતુ ભગવાન કાંઈ ભકતને એવી સુખ-સગવડ ના આપે.
કારમી કસોટીમાંથી ભકત પાર થાય પછી જ એનો જયજયકાર થાય.
સહન કર્યા વગર તો સંત કેવી રીતે થવાય?
નાવડીવાળો પેસેન્જર પાસે બે પૈસા ભાડું લેતો હતો.
અવધૂતજી તો દ્રવ્યનો સ્પર્શ જ ના કરે એટલે પોતાની પાસે તો પૈસા હોય જ નહિ.
કોઈ પેસેન્જરને કે નાવડીવાળાને પોતાના આ નિયમની વાત કરે નહિ.

મને મફતમાં નદી પાર કરાવ એવું તો કહે જ નહિ.
નિયમ લીધો છે તો એને પાળવાનો હોય.
આપણો નિયમ બીજાને માટે મુશ્કેલીરૂપ- ભારરૂપ-
ન બનવો જોઈએ.
સીધી કે આડકતરી રીતે એવું વર્તન પણ નહિ કરવાનું.
"જે દુ:ખ થાયે તે થાજો રે રૂડા રામને ભજતાં"ની જેમ
નિયમ પાળવામાં જે દુ:ખ થાય તે સહન કરવાનાં.
આ જ તિતિક્ષા છે.
નિયમ લીધો હતો ત્યારે આ બધી પરિસ્થિતિમાંથી
પસાર થવાનું આવશે એની ખબર જ હતી.
હવે શું? સામે પાર કેવી રીતે જવું?
મન હોય તો માળવે જવાય.
'Where there is a will there is a way.'
અહીં પણ ભગવાને કોઈ હોડીવાળાને કે કોઈ
પેસેન્જરને પ્રેરણા ના કરી.
અવધૂતજી સમજી ગયા કે હજી પદયાત્રા પૂરી થઈ નથી.
ત્યાં અવધૂતજીને હરિધામ યાદ આવ્યું.
પરિક્રમા વખતે હરિધામ નૌકામાં ગયા હતા.
અહીં બધાને ભાડું લીધા વિના મફત નદી પાર કરાવતા
હતા.
અવધૂતે હરિધામ જવાનું નક્કી કર્યું.

પરમેશ્વર પરીક્ષા લેતો હતો તો અવધૂતજી પ્રેમથી પરીક્ષા આપતા હતા.

સજોદથી હરિધામ બત્રીસ ગાઉ દૂર.

અવધૂતજીએ ચાલવાનું શરૂ કર્યું.

"મારે માથે, સમર્થ સદ્‌ગુરુ ગાજે" આવી સદ્‌ગુરુની હૂંફ.

ચાલવાથી ડરે તે અવધૂત નહિ.

અવધૂતજી ઝડપથી અને ખુમારીથી ચાલતા હતા.

ત્યાં એક માછીમારે બાપજીને જોયા.

એ તો દોડ્યો અને આવીને વંદન કર્યા.

એણે પૂછ્યું: બાપજી ક્યાં જવું છે?

અવધૂતજીએ કહ્યું: "શુકલતીર્થ- સામે પાર જવું છે."

માછીમારે કહ્યું: "બાપજી! તો પછી આમ કયાં ચાલ્યા?"

અવધૂતજીએ કહ્યું: "હરિધામ જઉં છું.

ત્યાં મફતમાં નદી પાર કરાવે છે.

અહીં ભાડું ચૂકવવું પડે છે."

આ સાંભળીને નાવિક (માછીમાર)ની આંખમાં આંસુ આવી ગયાં.


"અરે બાપજી! આ બધી નાવ આપની જ છે ને!

અમારી થોડી છે?"

પૂ.અવધૂતજી એનો ભાવ કળી ગયા.
ગુરુમહારાજની લીલાને સમજી ગયા.
નિયમ પાળવા ૬૪ ગાઉ ચાલવાની પોતે તૈયારી બતાવી તો ૬૪ ડગલાં પછી જ ભગવાન મદદે દોડ્યા!
નાવિકે પૂજ્યશ્રીને નાવડીમાં બેસાડ્યા અને સામે કિનારે ઉતાર્યા.
ભગવાનના મારમાં પણ પ્યાર હોય છે તે આનું નામ.

●

ગાંડામહારાજ ઉર્ફે શ્રી યોગાનંદ સરસ્વતી સ્વામી



પૂ.શ્રી રંગદાદા આમને મળવા માટે વાંકડી ગયા હતા.

# अवधूत

आशापाशविनिर्मुक्त आदिमध्यान्तनिर्मलः ।
आनन्दे वर्तते नित्यम् अकारं तस्य लक्षणम् ॥

वासना वर्जिता येन वक्तव्यं च निरामयम् ।
वर्तमानेषु वर्तेत वकारं तस्य लक्षणम् ॥

धूलिधूसरगात्राणि धूतचित्तो निरामयः ।
धारणाध्याननिर्मुक्तो धूकारस्तस्य लक्षणम् ॥

तत्त्वचिन्ता धृता येन चिन्ताचेष्टाविवर्जितः ।
तमोहङ्कारनिर्मुक्तस् तकारस्तस्य लक्षणम् ॥

अवधूतगीता अ. ८ श्लोक ६-९.

"अक्षरत्वाद्वरेण्यत्वा धूतसंसारबन्धनात् ।
तत्त्वमस्यर्थसिद्धत्वाद् अवधूतोऽभिधीयते ॥ १ ॥"

- अवधूतोपनिषद्